
# અધ્યાત્મ



વર્ષ : ૧૮ ફેબ્રુઆરી–૧૯૯૭ અંક : ૫

## * મામનુસ્મર યુદ્ધ ચ *

ગીતાના એક અધ્યાય કે અડધા અધ્યાયનો પાઠ કરવાની પણ શક્તિ કે રુચિ ન હોય તો થોડાઘણા શ્લોકોનું વાચન-મનન તો થઇ શકે ને? પણ સંસારના વણિકવૃત્તિવાળા માણસો કહેશે કે અમને તો એટલો પણ અવકાશ નથી. વાહ, તત્ત્વજ્ઞાનની સૌથી શરૂઆતની જનની ને દેવભૂમિ તથા ઋષિમુનિનું ને પોતાની સુંદર સંસ્કૃતિનું ગૌરવ લેનારી, તેના ગૌરવગીતથી ન થાકનારી, ભારતભૂમિની એવી દશા પણ છે કે તેમાં વસનારાં માણસોને નોકરી, રોટી, લગ્ન, સંતાનસુખ તથા દ્રવ્યોપાર્જન માટે ફુરસદ છે, અરે, છેવટે કૈં નહિ તો નકામાં ગપ્પાં મારવા ને બીજાની નિંદા–ટીકા કરવા અવકાશ છે પણ ગીતા જેવા ધર્મપુસ્તકના થોડાક પણ શ્લોકો વાંચવા–વિચારવાનો અવકાશ નથી! છતાં કાંઇ હરકત નહિ. ગીતામાતા તો ખૂબ ઉદાર છે. તેના એક શ્લોકમાં પણ એવી સામગ્રી ભરેલી છે કે જીવનને ઉજ્જ્વલ કરવા પૂરતી થઇ શકે. એક શ્લોકનું વાચન–મનન તો રોજ કરશો ને? અરે, અડધા શ્લોકનું? હવે તો હદ આવી ગઇ! છતાં ગીતામાતા પોતાના પ્રેમી બાળકોને માટે હજી વધારે છૂટ મૂકે છે. અડધો શ્લોક પણ વાંચી વિચારી ન શકાય તો અડધી લીટી ને તેમાં પણ બે કે ત્રણ જ શબ્દ–ફક્ત આઠ જ અક્ષર. એટલાનું મનન થાય તો પણ ઘણું છે. એ આઠ અક્ષરો છે મામનુ-સ્મર યુદ્ધ ચ. ગીતાના કુલ ૭૦૦ જેટલા શ્લોકોમાંથી એક શ્લોકનો ચોથો ભાગ એટલે કે આઠ અક્ષર યાદ રાખવા, વિચારવા ને જીવનમાં ઉતારવા એ કાંઇ બહુ મોટી વાત નથી. છતાં એ પણ ન થઇ શકે તો કોઇ ઉપાય નથી. યોગેશ્વરજી


# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૨૫–૦૦

વિદેશમાં રૂા. ૨૦૦–૦૦ (વિમાનથી)

- **સંસ્થાપક પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટિબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).**
- **તંત્રી–સંપાદક શ્રી નારાયણ હ. જાની.**
- **સહસંપાદકો શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઇ સી. શાહ.**
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** નારાયણ હ. જાની. ફોન ૪૨૫૮૧૧
- **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી ૧, બોરડીગેટ, ભાવનગર–૧.


### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિ:સંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૩ |
| ગંગાધર શિવનો સંદેશ | મકરંદ દવે | ૯ |
| ઈશ્વર સાન્નિધ્યની સાધના | યશસ્વીભાઈ ય. મહેતા | ૧૨ |
| મારી મહાયાત્રા | જયંતીભાઈ પટેલ, કેનેડા | ૧૬ |
| પોલ બ્રન્ટનની ભગવાન રમણ મહર્ષિની મુલાકાતની પૂર્વભૂમિકા–(૧) | યોગેશ્વર | ૨૯ |
| કલ્કિ અવતાર | પ્રાગજી ડોસા | ૩૮ |
| યાચના | ડૉ. રણજિત પટેલ (અનામી) | ૪૪ |
| પ્રાર્થનાગીત | ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્) | ૪૬ |
| પ્રેમ વિના પ્રભુજી મળે નહીં | યોગેશ્વરજી | ૪૭ |
| મનુષ્યજીવન અને અધ્યાત્મ | મહેન્દ્ર જ. દવે | ૪૮ |
| સ્રી સંત–શ્રીઇંદિરાદેવી | ઝિંઝુવાડિયા કનૈયાલાલ | ૫૧ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૧ |




# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

–મા સર્વેશ્વરી

વર્ષ : ૧૮ ફેબ્રુઆરી–૧૯૯૭ અંક : ૫

## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**તા. ૨૪–૫–૮૧, રવિવાર, વૈશાખ વદ પાંચમ, ૨૦૩૭**

**સ્થળ : ૨, નરસિંહનગર, નારણપુરા, ચાર રસ્તા, અમદાવાદ.**

સવારે નિત્યક્રમ મુજબ પૂ. શ્રી સ્નાન, વ્યાયામ, ગીતાપાઠ, કરી લે છે. દૂધ પીધા પછી પૂ. શ્રી સર્વેશ્વરીને પૂછે છે : હવે તમે શું કરશો? લેખનું જપ કે ધ્યાન?

**સર્વેશ્વરી :** મને ધ્યાન તો ગમતું જ નથી. ગોપીઓ ક્યાં ધ્યાન કરતી? તે તો ભગવાનને પ્રેમ જ કરતી ને. તો હું પણ ભગવાનને પ્રેમ જ કરું તો?

**પૂ. શ્રી :** ગોપીઓ ક્યાં ડાયરી લખતી? ગોપી ક્યાં રસરોટલી ખાતી? તે માથામાં બક્કલ પણ ક્યાં નાંખતી? છતાં આપણે એ

બધું કરીએ છીએને! તો ભગવાનને પ્રેમ પણ કરવો. ભગવાનના જપ પણ કરવા ને ભગવાનનું ધ્યાન પણ કરવું.

આટલી વાતો બાદ પૂ. શ્રી લેખનકાર્ય કરવા બેસી જાય છે. વચ્ચે વળી એક કાવ્ય લખે છે. તે સર્વેશ્વરીને ગાઈ સંભળાવે છે, કારણ સર્વેશ્વરી પણ પૂ. શ્રીની પાસે બેસીને જ ડાયરીનું લેખન કરે છે. લેખન બાદ થોડો આરામ કરી સાડા અગિયારે દ્વાર ખોલવામાં આવે છે.

પૂ. શ્રી ભોજન લેવા બેઠા છે. આજે ભોજનમાં શીરો, શાક, ભાત હતાં. પૂ. શ્રી શીરો એક ચમચીમાં લઈને સર્વેશ્વરીને ખૂબ આગ્રહ કરીને પીરસે છે. અને ગાય છે.

હું તો આપું, આપું ને શીરો આપું,
શીરો ખાનારનાં સંકટ કાપું,
શીરો ખાનારનાં દુઃખડાં કાપું.

એ રીતે રમૂજ કરાવતા કરાવતા ભોજન પૂર્ણ થયું. આજે બારથી એકની બેઠકમાં શ્રી બાબુભાઈ સહિત ત્રણેક ભાઈઓ આવ્યા હતા. ખાસ મહત્ત્વની વાતો ન થઈ. એક વાગ્યા સુધી સામાન્ય વાતો થઈ. એક વાગ્યા પછી આરામ.

ત્રણ ને પાંચ મિનિટે મણિનગર રીક્ષામાં જવા નીકળ્યાં. ત્યાં બેન્કનું, પોસ્ટનું કામ પતાવી ૬ વાગે ફરી આ મુખ્ય ઉતારા પર આવવા નીકળ્યાં. બરાબર સાડા છ વાગે આવી ગયાં.

મુલાકાત શરૂ થઈ. પદ્માબેન ત્રિવેદી એક ભજન ગાય છે. ત્યારબાદ ને તે સમય દરમ્યાન પણ ઘણા મુલાકાતીઓ આવ્યા. શ્રી ગોવિંદભાઈ (પ્રિસવાળા) આવે છે. તેમની સાથે તેમના નવા મશીન પર એક પૂ. શ્રીનું પુસ્તક છાપવાની વાત થાય છે.



પૂ. શ્રી કહે છે ફૂલમાંથી કળી, પ્રાર્થના સાધના છે, મારી વિદેશયાત્રા, ઉપનિષદ્, ઉપાસના ઘણાં છે.

ત્યાં વળી એક બેન કહે છે : ગુરુજી ફૂલમાંથી કળી?

**પૂ. શ્રી :** ઊંધી દિશામાં વિકાસ થાય તો ફૂલમાંથી કળી પણ બની જવાય.

આજે શ્રી ઈશ્વરભાઈ પેટલીકર (જાણીતા સાહિત્યકાર) પણ આવ્યા છે. તેઓ પ્રશ્ન પૂછે છે : દેશની પરિસ્થિતિ દુઃખદ છે, તો દેશનું ભાવિ શું?

પૂ. શ્રી : એ તો આપણે જોઈ શકીએ છીએ કે જ્યાંસુધી નેતાગીરી નિસ્વાર્થી, દેશપ્રેમી ન આવે ત્યાંસુધી બહુ ઉજ્જ્વળ નથી, પણ ભારતનું ભાવિ ઉજ્જ્વળ તો છે જ. બદલાશે નકશો ને નવી નેતાગીરી આવશે પણ વાર લાગશે.

**પ્રશ્ન :** હિંદુત્વની રક્ષા માટે શું કરવું? (જવાબ ન નોંધ્યો)

**પ્રશ્ન :** સાધુઓમાં સૌથી મહાન સાધુ હમણાં કોણ છે?

**પૂ. શ્રી :** સૌથી મોટા તો પ્રભુ છે. જેનું હૃદય મોટું, મન મોટું, વિચાર મોટા, ભાવો મોટા, તે મોટા ગણાય.

મોટાનાનાના ઝઘડામાં ન પડવું, દરેકની વિશેષ યોગ્યતા વિવિધ ક્ષેત્રમાં હોય. એટલે તે તે ક્ષેત્રના તે વિશેષ કહેવાય; મોટાનાનાના વિવાદમાં ન પડવું. સૌને માન આપવું. સંત છે. ગ્રહણ કરવા જેવું હોય તે તેમનામાંથી ગ્રહણ કરો.

બીજા પણ થોડા પ્રશ્નો થયા. એક બેને સર્વેશ્વરી પાસે ભજન સાંભળવાની ઈચ્છા વ્યક્ત કરી. જેથી સર્વેશ્વરી ડાયરીની શોધમાં રોકાયાં તે દરમ્યાન પૂ. શ્રીએ એક ગીત ગવડાવ્યું.

'ઓ પ્રેમી ! આપણી પ્રીત પુરાણી.'

ત્યારબાદ સર્વેશ્વરીએ બે ભજન ગવડાવ્યાં. ત્યારબાદ સૌ વિદાય લે છે.

રાત્રે પૂ. શ્રી દૂધીના મૂઠીયાં, કેરી વગેરેનો નાસ્તો લે છે. ત્યારબાદ પૂ. શ્રી રામાયણનું લેખન કરે છે તે પછી આરામ.

**તા. ૨૫-૫-૮૧, સોમવાર, વૈશાખ વદ છઠ, ૨૦૩૭**

**સ્થળ : ૨, નરસિંહનગર, નારણપુરા, ચાર રસ્તા, અમદાવાદ.**

સવારે નિત્યક્રમ શરૂ થયો. સ્નાન, વ્યાયામ, ગીતાપાઠ, લેખન વગેરે બધું જ નિયમિત રીતે ક્રમબદ્ધ રીતે થયું.

સાડા અગિયારે પૂ. શ્રીએ ભોજન લીધું. આજે બાર વાગ્યે શ્રી ગોવિંદભાઇ પૂ. શ્રીને મળવા આવે છે. 'ફોરમવંતા ફૂલ' પુસ્તક-ની ચર્ચા થાય છે. ત્યારબાદ આરામ. સાંજે ૬:૩૦ દ્વાર ખૂલે છે.

આજે પૂ. શ્રી પોતાનાં નાનાબેન માટે બે સાડી મંગાવે છે તે કુસુમબેન લઇને આવે છે. પૂ. શ્રી તે કપડાં પોતાના રૂમમાં મૂકાવે છે. સૌ પૂ. શ્રીના દર્શન વંદન કરી બેઠા છે. ત્યાં તો સતીશભાઇએ વાત શરૂ કરી.

**સતીશભાઇ :** આજે આપના મેળાપને બે વરસ થયાં.

**પૂ. શ્રી :** તો કંઇક કહો. તમે બે વરસના ગણાવ.

**સતીશભાઇ :** બે વરસનું બાળક તો શું બોલી શકે?

(ત્યાં વળી પદ્માબેન એક ભજન ગાય છે, જેમાં દુનિયામાં કોની કેવી સ્થિતિ છે એ અંગે પૂ. શ્રી પૂછે છે)

**પૂ. શ્રી :** દરેક જગ્યાએ આ છે, તે છે તો તમે ક્યાં જશો?

**પદ્માબેન :** તમારી પાછળ આવીશું.



**પૂ. શ્રી :** અરે, અમારી પાછળ શા માટે? તમારા આત્માની દોરવણી પ્રમાણે ચાલો. ચાલવું પણ ખૂબ અઘરું છે. લો, એક વાત કહું.

એમ કહી સ્વામી રામતીર્થની વાતો કરતાં કહ્યું. સ્વામી રામ પાસે એક શિષ્ય રહેવા આવ્યો. સ્વામી રામે કહ્યું : રામને સેવાની જરૂર નથી તું તારી સેવા કર ખૂબ આગ્રહ કર્યો ત્યારે રામે કહ્યું રહેવું હોય તો રામની શરત સાંભળી લે.

રામની સાથે ચાલો પણ પૂછવું નહીં રામ ક્યાં ચાલું? રામ કહે તો ખાવું. રામ કહે ત્યાં બેસવું, વગેરે. રામ ચાલ્યા. પાછળ શિષ્ય.

થોડીવાર બાદ ઝરણું આવ્યું. રામે કહ્યું ચાલો આગળ. શિષ્ય ઊભો રહ્યો. રામે ઝરણાને સ્ટોપ કહ્યું. સંકલ્પશક્તિ બળવાન. ઝરણું વહેતું બંધ થયું. બંને પસાર થઇ ગયા.

રામે શિષ્યને કહ્યું, "જાઓ હવે જ્યાં જવું હોય ત્યાં. પાછળ ચાલવું ખૂબ અઘરું. કેટલાક વળી સી.આઇ.ડી.ની જેમ ચાલે, કેટલાક વળી કેટલું ખાય, શું ખાય, ક્યાં જાય તે જોવા પાછળ ચાલે.

એટલે જ કહું છું. માણસની પાછળ શા માટે ચાલવું. પ્રભુની પાછળ ચાલો, અને ચાલવું હોય તો વફાદારીથી ચાલો. ચાલવા માટે અહંકારને ઓગાળવો પડે છે.

ત્યાં વળી એક ભાઇએ પોતાની સામાજિક વાતમાં પૂ. શ્રીને પ્રાર્થના કરી તો તેનો જવાબ મળ્યો તેની વાત કરે છે. તે ભાઇ સરોડાના લોકો પૂ. શ્રીને સન્માનતા નથી તેવી વાતો કરે છે. જેથી પૂ. શ્રી સરોડાની, કપૂરાની વાતો કરે છે. વળી મોતીભાઇની પણ વાતો કરે છે. ત્યાં વળી એકભાઇ પ્રશ્ન પૂછે છે:-

**પ્રશ્ન** : મૂર્તિપૂજા ને દેવદર્શન એ પ્રથમ પગથિયું જ છે?

**પૂ. શ્રી** : ના, એવું નથી. એ તો શ્રદ્ધા પર આધાર છે. પ્રભુનો શ્રીવિગ્રહ છે. એમ માની મૂર્તિની પૂજા કરો તો તે દ્વારા દર્શનની ઉત્કંઠા વધશે, જેથી મૂર્તિપૂજા છોડવી નહીં. તમે દરરોજ દેવદર્શને જાઓ ને થોડોક સાત્ત્વિકભાવ જગાડીને પાછા ફરતા હો તો મૂર્તિ એ સાધન છે. મૂર્તિપૂજાનો સમજપૂર્વક આધાર લેવામાં આવે તો રામકૃષ્ણદેવ જેવી ભક્તિ જાગી જાય છે. ધંધાદારી પૂજારીઓ કંઈ પૂજા કરતાં કરતાં જાગ્રત નથી થતા.

**પ્રશ્ન** : મંદિરમાં પૈસા નાંખવાની જરૂર છે?

**પૂ. શ્રી** : મંદિરમાં પૈસા નાંખવા હોય તો નાંખો. જેને જરૂર હોય તેને આપો. જેઓ માગી શકતા નથી, પણ જરૂર છે તો તેવાને પણ આપો.

એમ કહી પૂ. શ્રીએ પોતે એક વિધવાબેનને કરેલી મદદ વિષે વાત કરે છે. ત્યારબાદ પૂ. શ્રી રામાયણનું કાવ્યભાષાંતર સૌને સંભળાવે છે. તે પછી તુલસીદાસની વાતો શરૂ થઈ છે. પૂ. શ્રી ત્રણવાર હરિઃ ૐ બોલીને કહે છે. એનો અર્થ સમય થઈ ગયો. સમયથી પણ ઉપર ચાલ્યા ગયા. અને સૌ ભાવિકો ઊભા થઈ પ્રણામ કરે છે. બહાર પ્રસાદ વહેંચાય છે, તે લઈને સૌ વિદાય થાય છે.

પૂ. શ્રી સ્નાન કરી લે છે. સાંજના ભોજનમાં ખીચડી ને શાકનું ભોજન લે છે. ત્યારબાદ રામાયણનું લેખન કરવા બેઠા છે. સર્વેશ્વરી નોંધલેખન કરે છે તે પછી આરામ.

(ક્રમશઃ)



# ગંગાધર શિવનો સંદેશ

મકરંદ દવે

શિવજટામાંથી વહેતી ગંગા એક એવું રૂપક છે કે તેનો સંદેશ આપણે ઝીલી શકીએ તો ક્રાન્તિની નવી દિશા ખૂલી જાય. શું વ્યક્તિગત કે શું સામાજિક જીવનમાં આવા ગંગાવતરણની આજે ખાસ જરૂર છે. આ પ્રાચીન રૂપક સર્વ કાલ અને સર્વ મનુષ્ય માટે નવા જીવનનું સર્જનાત્મક સામર્થ્ય દર્શાવે છે.

શિવ પ્રશાંત મન અને નિશ્ચલ શરીરથી સુખાસને બેસી ધોધમાર ધસી આવતી ગંગાને મસ્તક પર ઝીલે છે. તેની વિશૃંખલ ધારાને તે પોતાની જટામાં બાંધે છે. તેની વિનાશક ગતિને તે જટાની ઊર્ધ્વ શિખા દ્વારા ભસ્મીભૂત જીવન પાંગરી ઊઠે એવો પંથ ખોલી બતાવે છે. આવું ચિત્રપટ આપણે અનેક સ્થળે જોયું હશે. એ ચિત્રમાં રહેલી ગંગાને આપણા જીવનપટ પર વહેતી કરીએ તો? મનુષ્યના મગજમાં અનેક જાતના તરંગો ઘૂમરી ખાતા હોય છે. તોફાની ઘોડાની જેમ તે તોડફોડ કરતા ધસી જવા ધમપછાડા કરતા હોય છે. અને માણસ ટોળાંમાં ભળ્યો તો તો એ બેલગામ ધસી પણ જાય છે. આવા પ્રસંગોમાં શું કરવું જોઈએ? આપણી સમક્ષ કોઈ પ્રત્યે ઘૃણા અને ક્રોધ ધૂંધવાતાં હોય છે. માર્ગમાં આવતા પ્રતિબંધોને તોડી પાડવા અને અન્યાય તેમ જ અત્યાચારને નેસ્તનાબૂદ કરવા માટે માથાં ભાંગવાનું જ મન થઈ આવે છે. અને એનો છેડો—છટકો વેર—ઝેર, ઝનૂન ભરી આક્રમકતા અને આતંકવાદમાં જ આવે છે. આ માર્ગ છે રાક્ષસી વૃત્તિનો, શિવત્વની પાવનકારી ગંગાનો નહીં.

આપણા પ્રતિભાવોને આપણે આપણા મગજમાં જ શિવજટા જેમ બાંધી શકીએ? તેને એકત્ર કરી જરા ઊંચે રહેલા 'શિવ સંકલ્પ'ના કેન્દ્રમાં સ્થિર કરી શકીએ? પછી એને નિર્મળ પ્રવાહની જેમ વહેતો કરી શકીએ? તો જે કાર્ય વેર–ઝેરનું વિષચક્ર ચલાવે છે તેમાંથી આપણે મુક્ત થઇ શકીએ કારણ કે આ પ્રવાહ સામેની વ્યક્તિ કે વર્ગ પ્રત્યે ધ્વંસક ભાવ ધરાવતો નથી. સામેવાળો પણ ગંગાના પ્રવાહમાં પાવન થઇ શાંતિ પામે એવી જ ભાવના આપણા કાર્યને પ્રેરે છે. આવું થઇ શકે ખરું?

આપણે ઘણે ભાગે બંધ બારણાં ને દીવાલોને તોડી પાડી બહાર નીકળવા માગીએ છીએ. પણ આપણા સહુમાં એક ઊંચે રહેલી પણ અદૃશ્ય 'સ્ટોપર' કુદરતે મૂકી છે. એ 'સ્ટોપર' મારામાં હું ખોલી શકું તો મને અટકાવી શકે, રૂંધી શકે એવી કોઇ તાકાત સામે રહેતી નથી. મારી પોતાની બદ્ધ અવસ્થા જ બીજાના બારણાં પર હથોડા ઝીંકે છે. મારી પોતાની જ મર્યાદા મારી શક્તિને વધુ બળવાન અને વધુ વેગવાન થવા દેતી નથી. મારી શિખામાંથી મારી શક્તિને બહાર લાવતું કેન્દ્ર ખોલું તો મારામાં રહેલું શિવત્વ પ્રકટ થાય. ગંગાધર આવી 'સ્ટોપર' ખોલવાનું જ્ઞાન આપે છે.

આ મહત્ત કાર્ય કેવી રીતે થઇ શકે? આ કાર્ય સંઘર્ષને દૂર કરવાની કે સંઘર્ષથી ભાગી છૂટવાથી નથી થતું. આ કાર્ય સંઘર્ષનું સ્વરૂપ જ બદલી નાંખનારું છે. આ સંઘર્ષ છે દરદીને બચાવવા મથતા દાક્તરનો. આ સંઘર્ષ છે ડૂબતા જણને કિનારે લાવવા માગતા તરવૈયાનો, આ સંઘર્ષ છે દારૂડિયાને ઘર ભેગો કરવા મથતા સ્વજનનો, આ સંઘર્ષ છે ગાંડાઘેલા છોકરાને રોટલો ખવરાવવા માગતી માતાનો. આવો સુદૃઢ, ધીર, શાંત સંઘર્ષ જ



સરવાળે શાંતિ અને આનંદ આપે છે. આવા માણસાઇના મેદાનમાં ખેલતા 'નિર્વૈરઃ સર્વભૂતેષુ'—સર્વ પ્રાણી પ્રત્યે વેરવિહીન સિપાહીને જ સાચા રણસંગ્રામનો આનંદ અને આંતરિક વિજયની શાંતિ મળે છે.

શિવના જટામંડળમાંથી ઊર્ધ્વશિખાને ભેદી વહેતી ગંકા આ સંદેશો સંભળાવતી વહે છે. એ સહુ કોઇના પાપ–તાપ ઉત્તાપને ધોતી ધોતી, શીતળ જળમાં સ્નાન કરાવતી વહેતી રહે છે. આ પતિતપાવની, નર્યા પ્રેમની ધારામાં નથી કોઇ માટે તિરસ્કાર કે તુચ્છકાર, માણસ પોતે જ પેલો પરમ શિવનો અંશ છે. તેના પર જે મેલ, ધૂળ, કચરો જામ્યાં છે તેને દૂર કરી ઊજળોબાણ કરવા માટે તો એ ધરા પર ઊતરી આવી છે.

શિવજટામાંથી મુક્ત ગંગાનો આ ખળ ખળ વહેતો ધ્વનિ આપણે સાંભળીએ તો? આપણા લડાયક બાહુઓ અને લોહી તરસી નજરને બદલે આપણી તમામ શક્તિ પેલા આપણા મસ્તકે રહેલા 'બ્રહ્મરન્ધ્ર' ભણી વહેવા લાગે તો? ભારતમાં લોહીની નદીઓ વહેવાને સ્થાને ઘેર ઘેર ગંગા વહેતી થાય. આવા ગંગાવતરણ માટે 'ભગીરથ પ્રયત્ન નહીં કરવામાં આવે તો ભસ્માવશેષ થતા ભારતને કોઇ ઉગારી નહીં શકે.'

पद् अपूर्वं, यच्च अन्तः प्रजानां,
तन् मे मनः शिवसंकल्पमस्तु ।

(જે અપૂર્વ છે, પ્રજાના અંતઃકરણમાં રહેલું છે તે મારું મન કલ્યાણકારી સંકલ્પ ધરાવતું થાઓ!)

બ્રધર લોરેન્સ

# ઈશ્વર-સાન્નિધ્યની સાધના

શ્રી યશસ્વીભાઈ ય. મહેતા

## પત્રપરિસંવાદ-૧૧

મારા પૂજ્ય પરમ આદરણીય મા,

હું મારા પ્રભુને એવી પ્રાર્થના કરી શકતો નથી કે તે તમારા શારીરિક રોગોને લઈને થતાં દુઃખોમાંથી મુક્તિ અપાવે; પરંતુ હું તેને વ્યાકુળતાપૂર્વક પ્રાર્થના કરું છું કે તે તમને તે પીડા સહન કરવાનું બળ અને ધૈર્ય આપે, એટલો સમયસુધી કે જ્યાંસુધી તે ઈચ્છે. તેના સ્મરણમાં, મનનમાં અને જપમાં તમે આરામ અને વિરામ પ્રાપ્ત કરો. એ જ તમને તેના ક્રૂસ ઉપર આ રીતે બાંધીને રાખે છેઃ તેની ઈચ્છા થશે ત્યારે તે તેનો ગાળિયો ઢીલો કરશે અને તમારું દુઃખ ઓછું કરશે. તેની સાથે જ દુઃખ ભોગવે છે તે સુખી છેઃ તે સ્થિતિમાં પીડા ભોગવવાની ટેવ પાડો અને તેની પાસેથી તે સહન કરવાની શક્તિ માગો અને જ્યાંસુધી તે તેને યોગ્ય લાગે ત્યાંસુધી તમને આ પીડાદાયક સ્થિતિમાં રાખે તેને વધાવી લ્યો. સમજી લો કે તે પીડા તમારે માટે જરૂરી છે. દુનિયાના માણસો આ સત્યને પૂરું સમજી શકતા નથી, અને તેમાં કાંઈ નવાઈ પામવા જેવું નથી, કેમ કે, તેઓ જેવા છે તેવા આવી સમજ મેળવી શકે. સાચા ખ્રિસ્તી તરીકે નહિ. તેઓ આ પીડાને કુદરતની દેણ માને છે અને તે ઈશ્વરનું વરદાન છે તેમ સ્વીકારી શકતા નથી, અને આ દૃષ્ટિકોણથી જ જોતા હોવાથી તેમને તેમાં શોક અને પીડા સિવાય બીજો કોઈ અનુભવ થઈ શકતો નથી. પરંતુ જેઓ આ પીડાને પરમેશ્વર પાસેથી આવેલું વરદાન છે એમ સમજે છે, તેની દયાનું ચિહ્ન છે એમ માને છે અને તેમની મુક્તિના સાધન તરીકે આ પીડાને ભોગવે છે તેઓ તેમાં ઈશ્વરની મધુરતા, મીઠાશ અને આશ્વાસનનો અનુભવ કરે છે.



હું ઈચ્છું છું કે તમે તમારી જાતને ખાત્રીપૂર્વક મનાવો કે આવી પીડાદાયક સ્થિતિમાં ઈશ્વર આપણી પાસે, આપણે સ્વસ્થ હોઈએ તે કરતાં વધુ નજીક હોય છે. તેના સિવાય બીજા કોઈ ચિકિત્સક ઉપર આધાર રાખશો નહિ કેમ કે, મારી સમજશક્તિ પ્રમાણે તે માણસોનાં સુખ અને દુઃખને આરક્ષિત રાખે છે અને તેની ઈચ્છા વિના બેમાંથી એકેય મેળવવા સ્વતંત્ર રીતે સમર્થ નથી. એટલે હું તમને આજીજીપૂર્વક વિનંતી કરું છું કે તમે તમારો પૂરેપૂરો વિશ્વાસ તેનામાં રાખો અને તમે ચોક્કસ તેનું સુંદર પરિણામ થોડાં વખતમાં જ જોઈ શકશો. હકીકતમાં આપણે આવું સુંદર પરિણામ આવતું આપણે હાથે જ રોકીએ છીએ એટલે તમારો પૂરેપૂરો વિશ્વાસ ચિકિત્સક કરતાં ઈશ્વરમાં જ રાખો. તમે જે કોઈ દવાદારૂ કરતાં હો તે જ તેની અસર ત્યારે જ થાય છે કે જ્યારે તે સંમતિ આપે છે. જ્યારે દુઃખ ઈશ્વર પાસેથી આવે છે, ત્યારે તે જ તેને દૂર કરી શકે છે. તે વારંવાર શરીરના રોગો, અંદરની શુદ્ધિ કે ચિત્તની શુદ્ધિ કરવા માટે મોકલે છે. મન અને તન બંનેનો પરમ ચિકિત્સક તે જ છે.

મારું સ્વાસ્થ્ય બહુ સારું છે એટલે હું આ પ્રમાણે તમને લખી રહ્યો છું એવી દલીલ તમે જરૂર કરવાના છો, કેમ કે ઈશ્વરના ટેબલ ઉપર હું ખાઈપીને મોજ કરું છું. આમ માનવાનું

તમારે કારણ છેઃ પરંતુ તમે વિચાર કરો કે મોટામાં મોટા ગુનેગારને રાજાના ટેબલ ઉપર રાજાની સાથે બેસીને બધું ખાવા-પીવાનું મળે અને ખુદ રાજા જ તેને બધું પીરસે પરંતુ તેની માફી તેને મળવાની કોઈ ખાત્રી ન હોય, તો શું તે ઓછું પીડાદાયક બનશે? હું માનું છું કે તેને અતિશય ઉદ્વેગ અને મનોવ્યથા થશે અને તે ઓછી કરવા કોઈ રીત કામ આવશે નહીં. પરમપિતા પરમેશ્વરમાં પૂર્ણ શ્રદ્ધા અને પૂર્ણ વિશ્વાસ સિવાય તે બીજા કશાયથી દૂર થઈ શકે નહીં. એટલે હું તમને ખાત્રી આપું છું કે મારા રાજાના ટેબલ ઉપર મને ભલે ગમે તે આનંદ મળતો હોય તેમ છતાં મારા દુષ્કૃત્યો મારી આંખ આગળ હમેશાં તરતાં હોય છે. આ માટે મને ક્ષમા મળશે જ, એવી કોઈ નિશ્ચિતતા નથી, તે જ મારા મનને અત્યંત વ્યથિત કરે છે જો કે તે વ્યથા પોતે આનંદદાયક છે.

ઈશ્વર જે સ્થિતિમાં તમને રાખે છે તેમાં સંતુષ્ટ રહો, તમે મને ભલે ગમે તેટલો સુખી માનો, મને તમારી અદેખાઈ આવે છે. પીડા, અને દુઃખ મારે માટે મારા પ્રભુ સાથે સ્વર્ગના સુખ સમાન બની જાય છે, અને તેના વિના ગમે તેટલા મોટા આનંદો નર્કાગાર સમાન પીડાદાયક બની જાય છે. મારા પ્રભુને ખાતર મારે માટે બધી પીડાઓ અને દુઃખો આવકારદાયક છે.

હવે બહુ ટૂંકસમયમાં મારે મારા સ્વામી પાસે જવાનું છે. આ જીવનમાં મારી સામે મોટી શ્રદ્ધાની આંખોથી હું તેને હવે જોઈ શકું છું. તે મારા મનને ઘણી શાંતિ આપે છે. અને હું તેને એટલી જ સ્પષ્ટ રીતે જોઉં છું કે હું બોલી ઊઠું છું કે હું હવે ઈશ્વરમાં માણતો નથી, કેમ કે હું તેને મારી સામે જ જોઉં છું, માન્યતાનો કોઈ સવાલ જ નથી, શ્રદ્ધા આપણને શું શીખવે છે. તે હું



અનુભવું છું. અને તે શ્રદ્ધાના સાક્ષાત્કાર નથી જ હું તેની સાથે જ આજે જીવું છું. અને આવતીકાલે મરીશ તો તેની સાથે જ. મારી તમને પ્રાર્થના છે કે હંમેશા ઈશ્વરને સાથે જ રાખો તેની અંદર જ રહો. એ જ તમારો ખરો આધાર છે. અને તમારી પીડા દૂર કરનાર તે જ ખરો વૈદ્ય છે. હું મારા પ્રભુને પ્રાર્થના કરું છું કે તે હંમેશાં તમારી સાથે રહે. હું પરમપૂજ્ય મા ભગવતીના ચરણોમાં મને સમર્પિત કરું છું. અને તમારી પ્રાર્થનાઓ ફળે તેવી શુભેચ્છાઓ સાથે હું વિરમું છું. આપણા શ્રીપ્રભુના ચરણોમાં હું છું—બ્રધર લોરેન્સ

**સુવાક્ય**

સાધક બીજું કાંઈ ન કરે પરંતુ એ પ્રભુના નામના જપનો આધાર શ્રદ્ધાપૂર્વક લે તોપણ એનું કામ અવશ્ય સિદ્ધ થાય. યોગેશ્વરજી

**ઈલેક્ટ્રીક મોટર, સબમર્સીબલ, ઓઈલ એન્જીન મશીન તથા ખેતીવાડીને લગતા ઓજારો તથા તેના સ્પેરપાર્ટસના છૂટક તથા જથ્થાબંધ વેપારી**

**સૌજન્ય : પૂજા એક્સપોર્ટસ**

*** જયંતીલાલ મોહનલાલ દઢાણીયા ***

**ખેતીવાડી એન્ડ ડીઝલ સ્પેર્સ,**

એસ. ટી. સ્ટેન્ડ પાસે, ચીખલી.

જિલ્લો : વલસાડ, પીનકોડ : ૩૯૬૫૨૧ (ગુજરાત)

ફોન નં. : ૨૩૫૯, ૨૪૫૯, ૨૫૫૯

ફેક્સ : (૦૯૧) ૦૨૬૩૫૩–૨૪૫૯/૨૦૬૭

# મારી મહાયાત્રા

જયંતીભાઇ પટેલ, કેનેડા.

ત્રીજી નવેમ્બર ૧૯૯૫ નો એ દિવસ હતો. બપોરનો સમય હતો. ઝરમર ઝરમર વર્ષા વરસી રહી હતી. સ્ટોર પર પૂ. માના રટણની મસ્તી માની રહ્યો હતો. ત્યાં તો ફોનની ઘંટડી રણકી.

"Good Morning" Sooter's.

સામેથી "જયશ્રી કૃષ્ણ"નો અવાજ સંભળાયો.

કોણ? હું વિમળાબેન બોલું છું.

બોલો કેમ છો? જય કૃપાળુ મા.

"બે ત્રણ દિવસ માટે દૂર દૂર જંગલના રસ્તે જવાનું છે. અગત્યનું કામ છે. રજાઓ પણ લેવી પડશે. તમને અનુકૂળતા છે?" પૂ. મા પૂછાવે છે.

ક્યાં? ક્યારે? શા માટે? એવા કોઇ પ્રશ્નોની માથાકૂટ છોડીને મેં તરત જ જવાબમાં કહી દીધું કે હા! ચોક્કસ, પૂ. માના કોઇ પણ કામ માટે હું ગમે ત્યાં જવા માટે મારી સેવા જરૂરથી પ્રેમપૂર્વક આપીશ.

ફોન મૂકી દીધો, મારા યુવાન પુત્રને જોબ પર ફોન કરીને પૂછ્યું, મારે પૂ. મા સાથે અગત્યના કામે બહાર જવાનું છે. તું સ્ટોર સંભાળીશ? આજ્ઞાંકિત પુત્રે તરત જ લીલી ઝંડી ફરકાવી, ચિંતા ના કરતા–પૂ. માના કામ માટે તમે જરૂરથી જાવ.–પુત્રના શબ્દોથી હાશ થઇ ગઇ, હે મા! તારી કૃપાવર્ષા પૂર્ણ રીતે શરૂ થઇ ગઇ લાગે છે.



ત્યાં જ ફરી ફોનની ઘંટડી રણકી. અરે! જયંતીભાઇ આજે રાતે જ નવ વાગ્યે નીકળવાનું છે. તે માટે–વાન પણ ભાડે–તમે જ શોધી કાઢો, અને એક કલાકના સંદીપના સતત પ્રયત્નથી ભાડાનું વાન પણ મળી ગયું! પ્રભુની પાકી ઇચ્છા લાગે છે એવું સત્ય સમજાવા લાગ્યું.

વાન લઇને લગભગ સાત વાગ્યે સાંજે ઘરે પહોંચ્યો ત્યાં તો પૂ. માની સૂચના આવી ગઇ હતી કે સાંજે ફરીથી સ્નાન કરીને જ વાનમાં બેસજો. સ્નાન અને પ્રાર્થનાથી નિવૃત્ત થઇ, મેં અને સંદીપે પૂ. માની બેઠક તૈયાર કરી. લગભગ ૭–૪૫ કલાકે હું પૂ. માના નિવાસ સ્થાને પહોંચી ગયો. પૂ. મા પાસે જઇને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યાં. મૌનવ્રત હોવાથી પૂ. માએ મેગ્નેટીક મેજીક સ્લેટ પર ઝડપથી લખાણ દ્વારા યાત્રાનું સ્થળ અને હેતુ જણાવ્યા.

તરત જ પરિસ્થિતિ સારી રીતે સમજાઇ ગઇ. પૂ. માના મોટાભાઇ શ્રી વામનભાઇની એક માત્ર પુત્રી મીનાક્ષી કેન્સરની અતિ ગંભીર માંદગીમાં છે. ટોરોન્ટો(કેનેડા)થી મેમ્ફીસ (અમેરીકા) આજે હમણાં જ નીકળીને ત્યાં આપતી કાલે બપોરે મોડામાં મોડું પહોંચવાનું છે.

પૂ. માની સૂચના પ્રમાણે મારે અને વિકાસે વાન ચલાવવાનું છે તેથી મનોમન પ્રાર્થના થઇ ગઇ, "હે પ્રભુ! આ વાનના સારથિ તમે જ બનજો. શંખ, ચક્ર, ગદા, પદ્મને તમારા વરદ-હસ્તમાં ધારણ કરીને આ વાનનો દોર સંપૂર્ણતઃ સંભાળજો. શ્રી કૃષ્ણ ભગવાને–અર્જુનના સારથિ બનીને જે સફળતા બતાવી હતી–તેવી જ રીતે–મને પણ સફળ બનાવજો."

આજની યાત્રા સામાન્ય ન હતી. મારા માટે તો એ પવિત્ર

યાત્રા હતી, પૂ. મા ટોરોન્ટો પધાર્યાં ત્યારથી જ એવા સુખદ સાંન્નિધ્યની પ્રાર્થના હતી. તેના જ પ્રત્યુત્તરરૂપે આ સુખ સામેથી આવી મળ્યું હતું !

મેમ્ફીસ કેવી રીતે, ક્યાં થઇને જવું તે નકશામાં જોઇ લીધું. આ મુસાફરી જતાં આવતાની લગભગ ૩૬૦૦ કિલોમીટરની છે. ગભરાટ હતો, આનંદ હતો, અને ચિંતા પણ હતી. પૂ. માએ લખીને આપ્યું, "ચિંતા પ્રભુને સોંપો, એની ઇચ્છા હશે તો લઇ જશે." સામાન ગોઠવી અમે પૂ. માની રૂમમાં આવ્યા. પૂ. માના નિયમ પ્રમાણે "યાત્રાના આરંભે કરીએ પ્રાર્થના," ને ૧૧ પ્રણામ પણ અમે સૌએ કર્યાં, અને વાનમાં ગોઠવાઇ ગયા.

પૂ. માનો જ અડગ નિશ્ચય, મક્કમ મનોબળ ને પૂ. યોગેશ્વર ભગવંતમાં અતૂટ શ્રદ્ધા એટલે જ આ અણધારી, નહીં કલ્પેલી એવી અશક્ય યાત્રા પ્રારંભ પામી. ફક્ત થોડા કલાકોમાં જ બધું સહજ રીતે અનુકૂળતાસહિત ગોઠવાઇ ગયું. સામાન્ય જીવોને ના સમજાય તેવી આ યાત્રા છે. આ યાત્રામાં પૂ. માનું સતત સાંનિધ્ય સુખ મળ્યું. તેને સમજવા ચાલો આપણે પણ યાત્રામાં જોડાઇએ.

રાતે સાડા નવ વાગ્યે યાત્રા શરૂ થઇને થોડી જ ક્ષણોમાં વાન હજી મુખ્ય માર્ગપર આવે તે પહેલાં જ પૂ. માએ સ્લેટમાં લખ્યું, "બાવની, ધૂન શરૂ કરો." અને તરત જ અમે સ્તુતિઓ ગાવા માંડી. "ૐ નમો ભગવતે યોગેશ્વરાય"ની ધૂન પણ મસ્તી-થી ગાઇ અને ગવડાવી.

વાન મારા હાથમાં હતું. સામે જે દર્પણ, તેમાં પાછલી સીટપર બિરાજેલાં પૂ. માનું સતત દર્શન થયા કરતું હતું. એ દર્શન કરતાં કરતાં એક પ્રકારની નિરાંત, હિંમત, હળવાશ મળ્યા કરતી. પૂ. મા



તો પલાંઠી વાળીને ટટ્ટાર બેસીને, આંખો બંધ કરીને મંત્રજપમાં મગ્ન હતાં. મીનાક્ષી માટે જ જપ, મીનાક્ષી માટે જ પ્રાર્થના કરતાં હશે એમ માન્યું. અમારા જેવા સંસારીઓ વચ્ચે એક શિવસ્વરૂપ પોતાની બધી જ શક્તિ, પોતાનું બધું જ ધ્યાન પ્રભુચરણે જોડી, તેમાં જ જાણે સહજ સમાધિસુખ માણતાં હતાં.

પૂ. મા તો જાણે મૌનમંદિરની મૂર્તિ જેવા હતાં. ઘણું ઘણું શીખવાનું મળે છે. આભ તૂટી પડે તેવા સમાચાર મળ્યા છે. ત્યારે ભાંગી પડવાને બદલે હિંમતથી સમજપૂર્વક નિર્ણય લઇને પ્રાપ્ત પરિસ્થિતિમાંથી માર્ગ શોધવાનું ભાથુ અમને ધરી દીધું છે.

રાત્રિનો સમય, રસ્તો ઘણો લાંબો કાપવાનો, વચ્ચે વળી વરસાદનાં ઝાપટાં નડયાં તો કેનેડાના લંડન શહેર પાસે તો આ વર્ષની પ્રથમ બરફ વર્ષા પણ શરૂ થઇ, પણ વાન એકધારી ગતિથી આગળ વધી રહ્યું. માર્ગમાં વિગતે કેન્સરની ગંભીરતાની વાતો જાણી તો યાત્રાનો હેતુ પૂરો સ્પષ્ટ થઇ ગયો. ઇમીગ્રેશનની વિધિ બોર્ડર પર પતાવી. વાન તો દોડતું રહ્યું. રાત્રે ૯–૩૦ થી એકધારું ચાલતું વાન શનિવારે ચોથી નવેમ્બરે સવારે ૮–૩૦ વાગે નેશવીલ નામના શહેરમાં અટક્યું. એક મોટલમાં રૂમ રાખી સૌ સ્નાનથી નિવૃત્ત થયા. પૂ. મા પોતાના નિત્યક્રમમાં જોડાઇ ગયાં. અમે હળવો નાસ્તો કરી લીધો. ૧૧૧૧ કિલોમીટરનો રસ્તો પસાર થઇ ગયો હતો હવે યુવાન વિકાસે વાન હાથમાં લીધું. હજી ૫૦૦ કિલોમીટર બાકી હતા. વિકાસ સ્વભાવે ખૂબ આનંદી એટલે પણ વાનમાં વાતાવરણ હળવું રહ્યું. લગભગ ૩ વાગ્યાની આસપાસ શોધતા શોધતા મીનાક્ષીબેનના ઘર પર આવી ગયા.

રસ્તામાં જરા પણ થાક ના લાગ્યો. ના આંખો ઘેરાઇ કે ના કંટાળો કે બગાસાં આવ્યાં. ૧૮ કલાકની મુસાફરી પછી પણ

ગજબની સ્ફૂર્તિ ને શક્તિ ટકી રહી હતી. આવી શક્તિ ને આનંદ કોણે પ્રદાન કર્યો? સતત તાજગી અમારા શરીરમાં કોણ ભરી ગયું? ૧૮ કલાક સુધી ટ્રૂાર બેસી મંત્રજાપની મસ્તી માણતાં પૂ. માએ પાણીનું ટીપું પણ નથી લીધું કે નથી લીધાં ફળો. એ શક્તિ-સ્વરૂપ જ અમને જાણે શક્તિથી નવજીવન ધરી રહ્યાં હશે.

ઊતરીને સૌથી પહેલાં પૂ. માને પ્રણામ કરી કહ્યું "મા, તમારી કૃપા વિના આ શક્ય જ નહતું. આભાર." કોઇને ખબર જ ન હતી. બેલ માર્યો, બારણું ઊઘડયું, કોઇ અપરિચિત બેન મળ્યાં. "મીનાક્ષી છે?" હા! અંદર છે. અરે, સામે જ ગુલાબબેન મળ્યાં. જુઓ બહાર કોણ આવ્યું છે? ને ગુલાબબેને અમને સૌને જોતાં અનુમાન કરતાં આશ્ચર્ય વ્યક્ત કરતાં બોલી ઊઠયાં અરે, મા આવ્યાં છે! મા આવ્યાં છે! ને હર્ષઘેલાં દોડવા લાગ્યાં. ઊઘાડા બારણામાં પણ તે અથડાયાં, વાન પાસે પહોંચ્યાં વાનની ફરતે પાગલની જેમ શોધતાં રહ્યાં. અમે કહ્યું આ બારણું તો ખુલ્લું છે. આ રહ્યાં પૂ. મા. ને ભાવવિભોર બની રડી પડયાં! હાથ જોડયા. ફરી દોડયાં મીનાક્ષીને કહેવા. ત્યાં જ પૂ. મા પણ ઊતરીને ઘરમાં આવ્યાં. ગુલાબબેન આંખમાં આંસુ સાથે બોલતાં જ રહ્યાં. "મા, ગજબ કરી તમે. ભારે કષ્ટ ઊઠાવ્યું." ગુલાબબેનનો ભાવ જાણે શબરીની ભક્તિ જેવો. જોનારા જ એનું રસપાન કરી શકે.

મીનાક્ષીને છ વર્ષ પછી હું જોઉં છું. સૂકાયેલું શરીર ગાગર જેવડું ફૂલી ગયેલું પેટ. ડોક્ટરોના રીપોર્ટ પ્રમાણે અચાનક જ પેટને પાંસળી સુધી, મળત્યાગના માર્ગની નળીઓમાં, ખોપરીમાં બધે જ પ્રસરેલા કેન્સરને હઠાવવા ઓપરેશન પરમ દિવસે થવાનું છે. આવતીકાલે હોસ્પીટાલમાં સવારે દાખલ થવાનું છે ને



તેમાં પણ પરિણામ ભયંકર આવવાનું છે. આ ત્રીજા તબક્કાનું ત્રીજી ભૂમિકાના કેન્સરની પૂરી વિગત જાણીને જીવન મરણના અચોક્કસ ભવિષ્ય વચ્ચે ચિંતાતૂર મીનાક્ષી માની નથી શકતી. "ના. ના એવું ના જ બને. મેં હજી ગઇકાલે જ ટોરોન્ટો પૂ. માને સમાચાર આપ્યા છે. ત્યાં તો મને જોઇને એને વિશ્વાસ બેઠો સાચે જ "મા" જ આવ્યાં છે. એકદમ નિરાશા ખંખેરાઇ ગઇ, ઝડપથી ચાલતી ચાલતી બોલી "મા" આવ્યાં છે. મારે માટે જ આવ્યાં છે હવે મને જરા પણ ચિંતા નથી." આંખમાં આંસુઓ દ્વારા મીનુએ અનેક યાચનાઓ કરી લીધી.

પરોપકારી મૌન મૂર્તિના એક હાથમાં તો પ્રભુનું સ્વરૂપ હતું. બીજો હાથ મીનાક્ષીના મસ્તક પર ફરવા લાગ્યો. વ્હાલભર્યાં આશીર્વાદની વર્ષા વરસવા લાગી. ઘરમાં લીવીંગરૂમમાં ઝડપથી એક ચાદર પાથરી દેવામાં આવી. પૂ. માએ ત્યાં પ્રભુને પધરાવી પ્રણામ કર્યા, પોતે બિરાજ્યાં પાસે મીનાક્ષીને બેસાડી. પૂ. માએ વારંવાર હાથ ફેરવતાં ફેરવતાં આંખથી, હાથથી, મનથી, અંતરથી આશીર્વાદ વરસાવતાં વરસાવતાં જાણે આ મોટાભાઇની એક માત્ર થાપણની ફરતે જાણે કોઇ રક્ષણની દિવાલ ના બાંધતાં હોય એવું લાગતું હતું.

પૂ. મા કેનેડાથી જ ભગવાન કૃષ્ણનું એક સરસ સ્વરૂપ લાવ્યાં હતાં. મીનાક્ષીને તે આપ્યું, જાણે મીનાક્ષીના જીવનરથની લગામ પૂ. મા ભગવાન કૃષ્ણને સોંપતાં હોય તેવું લાગ્યું. મીનાક્ષી-ના હાથે રક્ષા બાંધી અને તુલસીની કંઠી પહેરાવી. ઝાંસીની રાણી-નું સ્મરણ કરાવી જીવનસંગ્રામ ખેલવાની વાત સમજાવી. પ્રાર્થના-ની શક્તિની પણ વાત લખી. કૃપાસિંધુ મા જાણે મમતાની માવડી બની, શીતળ છાંયડી બની જીવન સંગ્રામની ઢાલ બની રહી હતી.

સુખદ શીતળ પવિત્ર સ્પર્શે મીનાક્ષી સ્વસ્થ થઇ ગઇ. મારી પાસે પણ આવીને કહેવા લાગી, "તમે બધા માને લઇને આવ્યા હવે મને કશું થવાનું નથી. હું તો મારું બધું જ દુ:ખ ભૂલી ગઇ." એ દૃશ્ય અદ્‌ભુત હતું. પંદર મિનિટ પહેલાંની મીનાક્ષી અને દૈવી-સ્પર્શે નવપલ્લવિત થયેલી મીનાક્ષી. બે વચ્ચે કેવો ન કલ્પી શકાય એવો તફાવત! અહીં જડીબુટ્ટી સમાન પૂ. માનું આગમન હતું. શા માટે અચાનક આવું કષ્ટ વેઠીને પૂ. મા દોડી આવ્યાં તે સમજાઇ ગયું. કરુણાની દેવીની આ લીલાને કોણ સમજી શકે? મીનાક્ષીના મોં પરની સ્વસ્થતા જોઇ અમે પણ સૌ હળવા થઇ ગયા.

ત્યાં જ મીનાક્ષીએ જણાવ્યું "આજે બા–બાપુજી હમણાં જ ભારતથી આવી રહ્યાં છે. પૂ. માએ જાણ્યું એટલે તરત જ વિચાર્યું પોતાના એકમાત્ર સંતાનની આવી ભયંકર માંદગીથી કેવા વ્યથિત હશે! એરપોર્ટ પર જવું જોઇએ, તો એમને હિંમત રહે. અરે, ૧૮ કલાકનો મુસાફરીનો થાક ભૂલીને નિર્ણય કરી દીધો ને પોતાની સર્વોત્તમ ફરજનું પાલન કરવા પહોંચી ગયાં એરપોર્ટ પર! ઘર છોડયું, ઘરનો વૈભવ, લક્ષ્મી છોડયાં, માતાપિતા, ભાઇબેનોની મમતા છોડી, પણ ભારતીય સંસ્કૃતિનો પરિવારની પવિત્ર ફરજનો સર્વોત્તમ ધર્મ ના છોડયો. માનવતાથી મંડિત નમ્રતા ભર્યા આ અભિનય દ્વારા પૂ. માએ કેવો સર્વોત્તમ પાઠ ધર્યો!

પૂ. મા થોડી જ વારમાં ઉપર ઓરડામાં પધારે છે. ત્યાં પણ લીટલરોકથી આવેલાં ભારતીબેન પાસેથી માંદગીની બધી વિગતો જાણી લે છે. સ્થિતિ ગંભીર છે. ડોક્ટરો ઓપરેશન કરશે પણ સૌના મનને ભયંકર ભય સતાવી રહયો છે. ઓપરેશન શરૂ કરતાં જ ભયજનક લાગશે ને ૦॥ કલાકમાં તેને પાછું બંધ કરી દેવું પડશે. બે ત્રણ દિવસ 'ઇન્ટેનશીવ'માં મૂકવાં પડશે ને પેટમાં



ભરાયેલું પાણી જો ઝેર બની જશે, તો મૃત્યુની શક્યતા પણ છે. એટલે આવતીકાલથી જીવન મરણ વચ્ચે મહાયુદ્ધ થવાનું છે. આ બધી જ ગંભીરતાની મીનાક્ષીને પણ ખબર છે. સૌ આ જાણે છે, એટલે સૌના મન ઉપર ચિંતા છે. સગાંસ્નેહી સૌ મીનાક્ષી પાસે હાજર થઇ ગયાં છે.

મીનાક્ષી શરીરથી અસ્વસ્થ છે. પાણી પણ પીવાતું નથી. સૂઇ શકાય તેવી અવસ્થા તો ઘણા દિવસોથી ન હતી. પૂ. મા ઉપરના ઓરડામાં રાતે મીનાક્ષીને બોલાવે છે. એ ઓરડામાં બે પલંગ છે. એક ઉપર મીનાક્ષીને સૂવા માટેની સૂચના મળે છે. આખા શરીર પર હાથ ફેરવતાં ફેરવતાં પૂ. મા પ્રાર્થના કરે છે. "પ્રભુ તમારી પ્રતિષ્ઠાનો પ્રશ્ન છે, સૌએ તમારામાં શ્રદ્ધા મૂકી છે."

ઘણા દિવસોનું થાકેલું બાળ જેમ ઊંઘી જાય, તેમ મીનાક્ષી થોડીવારમાં જ ઘસઘસાટ ઊંઘી જાય છે. નવેમ્બરની ૫ મી તારીખ રવિવાર. સવારે જ મીનાક્ષીને હોસ્પીટાલ જવાનું છે. પૂ. મા પણ નીચે પૂ. શ્રી યોગેશ્વરજીના સ્વરૂપ સાથે પધારે છે. મીનાક્ષીને તિલક કરીને નાની માળા આપે છે. સમૂહ પ્રાર્થનાનો કાર્યક્રમ છે. ગુલાબબેનની "ૐ યોગેશ્વર રક્ષ મામ્"ની ધૂન સૌ ઝીલે છે. પૂ. માએ મીનાક્ષીને પાસે બેસાડી તેને આશ્રમ ભજનાવલિ આપી. મીનાક્ષી જ આજે પ્રાર્થના કરે ને કરાવડાવે તો? પૂ. માની ઇચ્છા જાણી ભયભીત મીનાક્ષીએ સ્વસ્થ બની, હિંમત કરી, શાંત ધીર–ગંભીર અવાજમાં એણે નીચેનાં ભજનો ગવડાવ્યાં. હોસ્પીટાલમાં જતા પહેલાં એ સમૂહ પ્રાર્થનાનું આયોજન પૂ. માની સૂચના પ્રમાણે થયું.

(૧) હરિને ભજતાં હજી કોઇની લાજ જતાં નથી જાણી રે.

(૨) મારી નાડ તમારે હાથ, હરિ સંભાળજો રે.

પ્રાર્થના જ એક માત્ર ઉપાય, ઔષધ છે એવું સમજેલાં પૂ. માએ મીનાક્ષી પાસે જ પ્રાર્થના કરાવડાવી. અંતઃકરણથી થયેલી પ્રાર્થના પ્રભુ સાંભળે જ છે, એવો વિશ્વાસ મીનાક્ષીમાં પણ જગાડવાના આ પ્રયત્નો હતા. સૌ ભાવથી એ પ્રાર્થના ઝીલે છે. પ્રાર્થના કરતાં કરતાં મીનાક્ષી વીર યોદ્ધાની જેમ જાણે સજ્જ થઈ રહી હતી. તે પછી શ્રી ગુલાબબેન "હરિ તમે હળવો કરો મારો ભાર" ભજન ગવડાવે છે. સમય થઈ ગયો છે. મીનાક્ષીના શરીર પર "ૐ યોગેશ્વર રક્ષ મામ્"ની શાલ છે. પૂ. મા ઊભાં થઈ મંદિર પાસે મીનાક્ષીને લઈ જાય છે, પ્રાર્થના કરે છે, કરાવડાવે છે, પ્રણામ કરે છે ને કરાવડાવે છે. સૌ વડીલોને મીનાક્ષી પ્રણામ કરે છે, ત્યારે મીનાક્ષીના પિતા વામનભાઈ સહજ રીતે બોલે છે, 'કશું જ થવાનું નથી' ને ગાડીમાં બેસીને હોસ્પીટલ જાય છે. મીનાક્ષીના પતિ સુભાષચંદ્ર શાંત, ગંભીર છે. એમનો ઓછાબોલો સ્વભાવ છે, તે પણ અમને સૌને હાથ જોડે છે. કહે છે, "તમે પૂ. માને અહીં લાવ્યા એથી અમને હવે કોઈ ચિન્તા નથી. એટલું બોલતાં તો આંખો ભીની થઈ ગઈ!

પૂ. માની પ્રત્યક્ષ હાજરી પરિસ્થિતિમાં કેવો પ્રાણ પૂરે છે. જાણે યમરાજને પાછા વાળવાના પૂર્ણ પ્રયત્નો પ્રાર્થનાદ્વારા થઈ રહ્યા છે, મીનાક્ષીના ઘરે સાંજે પણ ફરીથી સમૂહ પ્રાર્થનાનો કાર્યક્રમ થયો. શ્રી બચુભાઈએ સરસ ભજનો ગવડાવ્યાં. ગુલાબબેને અને ભારતીબેને પણ પ્રાર્થના ગવડાવી. "ૐ યોગેશ્વર રક્ષ મામ્"ની ધૂનથી સમૂહ પ્રાર્થના પૂર્ણ થઈ.

નવેમ્બર ૬ સોમવારે સવારે ઓપરેશન શરૂ થવાનું છે. પૂ. મા ગુલાબનું ફૂલ મંગાવે છે. હોસ્પીટલ 'મા' જાય છે મીનાક્ષીને ફૂલ આપી છેક હળવી બનાવવા, ચિન્તામુક્ત બનાવવા, હસાવવા



માટે. પૂ. મા સ્લેટમાં લખી લખીને હસાવે છે. ૧૫–૨૦ મિનિટ પછી જીવન મરણનું યુદ્ધ શરૂ થવાનું છે, છતાં એકદમ હળવું વાતાવરણ પૂ. માએ એટલે ઊભું કર્યું કે મીનાક્ષી કોઈ પણ જાતના મનના તનાવ વગર ઓપરેશન થીયેટરમાં જઈ શકે. પૂ. માએ આપેલી માળા ને શાલ પણ એના શરીર ઉપર જ રક્ષા કવચ બનીને ઓપરેશન દરમ્યાન રહે, એવી પૂ. માની ઈચ્છા હતી.

અહીં હોસ્પીટાલના નિયમ પ્રમાણે માળા, શાલ નહિ લઈ જવા દે એવો ડર તો હતો જ. ભારતીબેને મુખ્ય ડોક્ટરને વિનંતિ કરી. "અમારા ધર્મગુરુની આ પ્રસાદી છે તો તેને સાથે જ રાખી શકાય? તો સૌના આશ્ચર્ય વચ્ચે ડોક્ટરે કહ્યું (Why Not) શા માટે નહીં? જરૂર રાખો. સરળતાથી જાણે પૂ. માની ભાવના પૂર્ણ થઈ રહી છે. ત્યાં બીજા ડોક્ટર આવીને ઓપરેશન થીયેટરમાં લઈ જવાની તૈયારી કરે છે. તેણે શાલ ને માળા જોઈ ના પાડી એટલે ફરી મોટા ડોક્ટર પાસે સંમતિ મંગાવીને તે શાલ મીનાક્ષીના મસ્તકે ટોપીની જેમ વીંટાળી દીધી. જાણે એના મસ્તકે પૂ. માનો શાલ સ્વરૂપે અભય વરદ હસ્ત જડાઈ ગયો.

ઓપરેશન દરમ્યાન ઘરે પૂ. માએ સતત "ૐ યોગેશ્વર રક્ષ મામ્"ની ધૂન ચાલુ રખાવી. અર્ધા કલાકમાં જો ઓપરેશન બંધ થાય તો મૃત્યુની તૈયારી કરવાની હતી. પણ એકાદ કલાક પછી ડોક્ટરનો ફોન આવ્યો, "મીનાક્ષીનું ઓપરેશન ચાલે છે, ખૂબ સારો સહકાર દર્દીનો છે. જ્યાં જ્યાં પ્રસરેલું છે તે તે બધા જ અંગોને બહાર કાઢવાનું કાર્ય ચાલી રહ્યું છે."

ઓપરેશન પૂરું થતાં પહેલાં જ પૂ. માએ ફરી કેનેડા જવાની તૈયારી કરવા માંડી. સૌનો આગ્રહ રોકાઈ જવાનો હતો, તેથી સૌની વિદાય લઈ અમે સૌ પૂ. મા સાથે હોસ્પીટાલમાં પહોંચ્યા,

ત્યારે મીનાક્ષીનું ઓપરેશન પૂરું થઇ ગયું હતું ને રીકવરી રૂમમાં તેને ખસેડી હતી. ત્યાં ડોક્ટર સિવાય કોઇથી ના જવાય, છતાં વિશેષ વિનંતિ કરતાં ધર્મગુરુ તરીકે રજા મળી. મીનાક્ષી હજી બેહોશ જ હતી. માથા ઉપર શાલનું રક્ષા કવચ પ્રભુની વિશેષ શક્તિનું સ્મરણ કરાવતું હતું.

પૂ. મા, ડોક્ટર અને સુભાષચંદ્ર ત્રણને રજા મળી છે. મીનાક્ષીના માથે હાથ ફેરવ્યો અર્ધી આંખ ઊઘાડીને પાછી બંધ થઇ. અહીં પણ પૂ. માએ પ્રાર્થના જ કરી, નીચે ફરી આવી ગયાં ત્યારે જેણે ઓપરેશન કર્યું હતું તે ડોક્ટર જ અચાનક મળી ગયા. તે ભારતીબેનને ઓળખતા હતા. તેને અમે સૌ મળ્યા તેમણે સહજ રીતે જણાવ્યું.

Your Holly Mother's scarff really worked miracle! Thanks God, it went very Well and smooth. Now she is out of danger.

"તમારા ધર્મગુરુની શાલે સાચે જ અદ્ભુત કાર્ય કર્યું. આભાર પ્રભુનો. પ્રભુ મહાન છે. બધું જ સરળતાથી પાર પડયું. હું માની શકતો નથી પણ આ એક ચમત્કાર છે. તે હવે ભયમુક્ત છે. સાત આઠ કલાકને બદલે ફક્ત અઢી કલાકમાં જ અમે ઓપરેશન કરી શક્યા તેનું અમને પણ આશ્ચર્ય છે."

ડોક્ટરની વાત સાંભળી સૌને અંતરે આનંદ થયો. અહીં વિજ્ઞાન ને ધર્મ સામસામે ઊભા છે. સંકટ સમયે વિજ્ઞાનના સઘળા પ્રયત્નો અને તેનાં પરિણામ ધર્મના હાથમાં સોંપાઇ જતાં હોય છે, એવું સ્પષ્ટ દર્શન આ પ્રસંગમાં થઇ શકે છે. અમેરિકાની ધરતી-પરના આ કેન્સરના નિષ્ણાત ડોક્ટરો પણ પ્રકારાન્તરે પ્રભુની શક્તિનો સ્વીકાર કરે એ પણ એક ચમત્કાર જ છે ને!



સૌ પાસેથી વિદાય લઇ અમે પૂ. મા સાથે વાનમાં બેઠા. "યાત્રાના આરંભે પ્રાર્થના." તો ઘરેથી નીકળ્યા ત્યારે જ કરી હતી. શ્રી યોગેશ્વર સ્તુતિ ગાવાની શરૂ કરી ત્યાં જ ઝરમર ઝરમર વરસાદ પણ શરૂ થયો. પૂ. માના મંત્રજપ ચાલુ થઇ ગયા. વચ્ચે વચ્ચે અમને જાગ્રત રાખવા પ્રસાદ પણ આપતાં હતાં. વળી અમારી આંખ ઉપર સહેજ તંદ્રા જેવું લાગે તો તરત જ મસ્તકે હળવી ટપલી પણ પ્રસાદમાં મળતી રહી. અમને પણ વાન ચલાવતાં હિંમત રહેતી કે મા બેઠાં છે ને! મા જાગે છે ને જે વાનનું સારથિપદ સંભાળે તેને તેને પૂ. માના આશીર્વાદભર્યા હાથથી થોડી થોડીવારે પ્રસાદ મળતો રહ્યો. પૂ. માનું દર્શન છેક નજીકથી કલાકો સુધી મળતું રહ્યું, ને સતત સાંનિધ્યસુખ પણ મળતું રહ્યું. ૧૩ નવેમ્બરે મારી પણ પચાસમી વર્ષગાંઠ આવે છે. તે વર્ષગાંઠ પ્રસંગે જ જાણે આ યાત્રા મારે માટે ગોઠવાઇ હોય એવું લાગ્યું.

સાંજે પાંચ વાગ્યે પ્રારંભ પામેલી યાત્રા આખી રાત ચાલુ રાખવાની હતી. સવારે જોબ ઉપર અમારે જવાનું હતું. તેથી અમે વારાફરતી વિકાસ સાથે ડ્રાઇવીંગ કરતા રહ્યા. વિમળાબેન, સુરેશ-ભાઇ, અને વિકાસે વારાફરતી થોડાં ઝોકાં ખાઇ લીધાં. પૂ. મા તો સાંજે ૫ વાગ્યાથી એક પલાંઠીએ રાતભર બેસીને મંત્રજપના કાર્યમાં મગ્ન રહ્યાં. જન્મ દેનારી માતાના સુખથી વંચિત હું, અહીં પાંચ દિવસમાં તો વ્હાલની વર્ષાથી ભરાઇ ગયો, છલકાઇ ગયો, ઊભરાઇ ગયો એમ કહું તો ચાલે. આવનારી પચાસમી વર્ષગાંઠ સફળ થઇ ગઇ.

એકધારી મુસાફરી પછી સવારે ૮-૦૦ વાગ્યે અમે ટોરોન્ટો પહોંચી ગયા. પ્રભુનો આભાર માનતી પ્રાર્થના કરી. "ધન્ય ધન્ય

ગુરુદેવ પ્રભુ, કાર્ય અમારું સફળ કર્યું." ૧૧ પ્રણામ કરી, સૌ છૂટા પડયા. ઘરે જતાં પહેલાં યાત્રાનો વાનનો ગેસનો (પિટ્રોલનો) પૂરો હિસાબ લખીને સાંજે આપી જજો. એવી પૂ. માએ સૂચના આપી. ને સાંજે તો બધો જ હિસાબ ચૂકતે કરી દીધો, પૂ. માએ કેવો અદ્‌ભુત વ્યવહારકુશળતાનો સદ્‌ગુણ આચરી બતાવ્યો! સાચે જ આજની આ યાત્રા બધી યાત્રાઓ કરતા ઘણી વિશેષતાઓ લઈને આવી. આ યાત્રામાં પૂ. માનો સંયમ, પૂ. માના કડક નિયમો, ફળદૂધ કે પાણી વગર પણ પૂ. માની પ્રસન્નતા, સ્ફૂર્તિ, મૌનવ્રત, જરૂર વગર સ્લેટમાં લખવાનું પણ બંધ, જરૂર વગર જોવાનું પણ બંધ, છતાં અખંડ જાગૃતિ. પૂ. માનું હૃદયાકાશ કેવું સ્વચ્છ, કેવું વિશાળ, આધ્યાત્મિક અનુભૂતિની કેવી ઊંડાઈ! બધું જ અદ્‌ભુત હતું.

મીનાક્ષીના દિલનો પોકાર અમને યાત્રાનું સંનિધિ સુખ ધરતો ગયો. દ્રૌપદીની રક્ષા માટે ભગવાન શ્રીકૃષ્ણ પધાર્યા, અહીં મીનાક્ષીની જીવન રક્ષા માટે પૂ. માનો ૩૬૦૦ કિલોમીટરના સ્ફૂર્તિભર્યા પ્રવાસના અમને સાક્ષી બનાવી, દર્શન કરાવ્યાં, જાણે મીનાક્ષી માટે જ કૃપાની સ્વર્ગીય ગંગાનું અવતરણ પણ અમને આ ચર્મચક્ષુદ્વારા કરાવી કૃતકૃત્ય કરી દીધા. અનંત જન્મોનાં જાણે સત્કર્મો ફળ્યાં. હે મા! કંઈકને કંઈક નિમિત્તે અમને યાત્રા કરાવતાં રહેજો. અમારા અવગુણોને ક્ષમા કરતાં રહેજો. અમને તમારા આશીર્વાદને પાત્ર બનાવતાં રહેજો. તમારું સાંનિધ્ય જ એ મારા જીવનની સફળતા છે. તમારા નામરટણની ભક્તિ એ જ મારી શક્તિ અને મારી નૈતિક હિમ્મત છે. હે સચ્ચિદાનંદ–સ્વરૂપા–મા આ જયંતીના હાસ્ય–નિખાલસ હાસ્ય–ખડખડાટ હાસ્યરૂપી ધનને બીજા બધા ધનની માફક કોઈ છીનવી ના લે. તે હરહંમેશ કૃપા કરી સંભાળ રાખજો. □



### પોલ બ્રન્ટનની ભગવાન રમણ મહર્ષિની

# મુલાકાતની પૂર્વભૂમિકા–(૧)

મૂળ લેખક : પોલ બ્રન્ટન
અનુવાદક : યોગેશ્વર

મદ્રાસ લઈ જતા માર્ગને છેડે પહોંચ્યા તે પહેલાં કોઈ મારી પાછળ આવી પહોંચ્યું. મેં પાછળ જોયું તો પેલા પીળા ઝભ્ભાવાળા યોગી મારી સામે જોઈને ભવ્ય રીતે હસવા માંડયા. એમનું મોં કાન સુધી લંબાતું હતું; અને એમની આંખ કરચલીના નાના કાપથી વીંટળાઈ વળતી હતી.

'તમારે મારી સાથે વાત કરવી છે?' મેં પૂછ્યું.

'હા. સાહેબ!' એમણે અંગ્રેજીમાં સરસ રીતે ભાર દઈને ઉચ્ચારણ કરતાં કહ્યું : 'તમે અમારા દેશમાં શી પ્રવૃત્તિ કરો છો તે હું પૂછી શકું?'

એમની કુતૂહલવૃત્તિથી સહેજ સંકોચાઈને મેં એમને ઉપરચોટિયા ઉત્તર આપવાનો નિર્ણય કર્યો.

'હું પ્રવાસ કરું છું.'

'મને લાગે છે કે તમને અમારા સંતોમાં રસ છે.'

'હા. થોડો.'

'તો પછી હું યોગી છું.' એમણે મને માહિતી આપી.

મેં કદી જોયા ન હોય એવા એ એક મજબૂત બાંધાના યોગી હતા.

'તમને યોગી થયે કેટલો વખત થયો?'

'ત્રણ વરસ.'

'જો મને માફ કરો તો તમે તેને માટે ખરાબ નથી લાગતા.'

એ ભારે ગૌરવપૂર્વક મારી નજીક આવીને ટટાર ઊભા રહ્યા. એમના પગ ઊઘાડા હોવાથી એમની એડીનો ધીમો અવાજ હું સાંભળી શક્યો.

'સાત વરસ સુધી હું શહેનશાહનો સૈનિક રહ્યો છું.' એમણે ઉદ્‌ગાર કાઢયા.

'સાચું?'

'હા. મેસોપોટામિયાના યુદ્ધ વખતે મેં ભારતીય લશ્કર સાથે ભાગ લીધેલો. મારી ઉત્તમ બુદ્ધિની કદર કરીને યુદ્ધ પછી મને મિલિટરી ખાતાના હિસાબી વિભાગમાં મૂકવામાં આવ્યો હતો.'

પોતાની જાતનું આવું વણમાગ્યું પ્રમાણપત્ર રજૂ કરવા બદલ મારાથી એમના તરફ સ્મિત કર્યા વિના ન રહી શકાયું.

'કૌટુંબિક મુશ્કેલીઓને લીધે મારે નોકરી છોડી દેવી પડી અને એ પછી ભારે મુશીબતોના વમળોમાંથી પસાર થવું પડયું. એને લીધે આત્મિક વિકાસના માર્ગનો આધાર લઇ હું યોગી બનવા તેયાર થયો.'

મેં એમને કાર્ડ આપ્યું ને સૂચવ્યું :

'આપણે એકમેકના નામ જણાવીએ?'

'મારું વ્યક્તિગત નામ સુબ્રમણ્ય છે ને મારી અટક આઇયર.' એમણે ઝડપથી કહી બતાવ્યું.



'ઠીક ત્યારે સુબ્રમણ્ય, પેલા મૌની સંતપુરુષને ત્યાં તમે મારા કાનમાં જે વાત કહેલી તેના ખુલાસાની હું રાહ જોઉં છું.'

'હું પણ તમારા આગળ એ ખુલાસો કરવાની રાહ જોઉં છું. તમારા પ્રશ્નો લઈને મારા ગુરુદેવની પાસે ચાલો. એ ભારતમાં અત્યારે સૌથી વધારે જ્ઞાની પુરુષ છે. યોગીઓના કરતાં પણ વધારે જ્ઞાની.'

'એમ? તમે આખાય ભારતમાં ફરી ચૂક્યા છો? તમે બધા જ મહાન યોગીઓને મળ્યા છો કે એકદમ આવું વિધાન કરી બતાવો છો?'

'કન્યાકુમારીથી માંડીને હિમાલય સુધીના દેશની મને ખબર છે, અને મેં કેટલાક ઉત્તમ યોગીઓ પણ જોયા છે.'

'ઠીક...!'

'મને એમના જેવા એકનું પણ દર્શન નથી થયું. એ એક મહાન આત્મા છે. તેથી તમે તેમને મળો એવી મારી ઇચ્છા છે.'

'કારણ?'

'કારણ કે એ જ મને તમારી પાસે લઇ આવ્યા છે. એમની જ શક્તિથી તમે ભારતમાં ખેંચાઇ આવ્યા છો.'

એ ભારેખમ નિવેદન મને ખૂબ જ અતિશયોક્તિભરેલું લાગ્યું, એથી એ માણસથી અલગ થવાની મને ઇચ્છા થઇ. લાગણીપ્રધાન પુરુષોની વક્તૃત્વશક્તિથી ભરેલી અતિશયોક્તિઓથી હું હંમેશાં ડરું છું, અને ભગવી કફનીવાળા યોગી ખૂબ જ લાગણીપ્રધાન છે એ સાવ દેખાતું હતું. એમના સ્વર, અભિનય, દેખાવ અને સંજોગો પરથી એ સાફસાફ જણાઇ આવ્યું.

'મારી સમજમાં કશું નથી આવતું.' મેં ઠંડો જવાબ આપ્યો.

એ વધારે સ્પષ્ટીકરણ કરવા લાગ્યા.

'આઠ મહિના પહેલાં મને એમનો પરિચય થયો. પાંચ મહિના સુધી એમની સાથે રહેવાની મને મંજૂરી મળી, અને એ પછી એકવાર ફરીથી મને મુસાફરીએ મોકલવામાં આવ્યો. એમના જેવી યોગ્યતાવાળા બીજા કોઇને તમે મળી શકશો એવું મને નથી લાગતું. એમની આત્મિક શક્તિઓ એટલી બધી ઊંચી કોટિની છે કે તમારા અવ્યક્ત વિચારોના ઉત્તર પણ એ આપી દેશે. એમની ઉત્તમોત્તમ આત્મિક અવસ્થાનો અનુભવ કરવા તમારે એમની સાથે થોડો વખત રહેવું જોઇએ એટલું જ.'

'તમને ખાતરી છે કે મારી મુલાકાતને એ વધાવી લેશે?'

'જરૂર, એમની પ્રેરણાને લીધે જ હું તમારી પાસે આવી પહોંચ્યો છું.'

'એ રહે છે ક્યાં?'

અરુણાચલ—પવિત્ર દીવાદાંડીના પર્વત પર.'

'એ ક્યાં આવ્યો?'

'દૂરના દક્ષિણમાં આવેલા ઉત્તમ આર્કોટ પ્રદેશમાં. હું તમારો ભોમિયો થઇશ, ને ત્યાં લઇ જઇશ. મારા ગુરુએ પરમ સત્યનો સાક્ષાત્કાર કર્યો છે એટલે એ તમારી શંકાઓનું સમાધાન કરશે અને તમારા પ્રશ્નોનો નિકાલ લાવશે.'

'એ ઘણું જ રસમય લાગે છે.' મેં નાખુશી દર્શાવતાં કહ્યું : 'પરંતુ મને એ જણાવતાં ખેદ થાય છે કે મારાથી અત્યારે નહિ આવી શકાય. મારો સામાન તૈયાર છે અને થોડા જ વખતમાં હું ઉત્તરપૂર્વના પ્રવાસે ઊપડી જઇશ. મારે બે મહત્ત્વની મુલાકાતો પૂરી કરવાની છે.'



'પરંતુ આ કામ વધારે અગત્યનું છે.'

'છતાં દિલગીર છું કે આપણે ઘણા મોડા મળ્યા. મેં બધી તૈયારી કરી લીધી છે. તેમાં સહેલાઇથી ફેરફાર નહિ કરી શકાય. પાછળથી હું દક્ષિણમાં આવી જઇશ, પરંતુ હાલ પૂરતી તો એ મુસાફરી મોકૂફ જ રાખવી પડશે.'

યોગી દેખીતી રીતે જ નિરાશ થયા.

'તમે એક સરસ તક ખોઇ રહ્યા છો અને—'

એમની નિરર્થક દલીલની કલ્પના કરીને મેં એમની વાતને વચ્ચેથી જ કાપીને કહેવા માંડયું:'હવે મારે જવું જોઇએ, ધન્યવાદ.'

'તમારા ઇન્કારનો સ્વીકાર મારાથી નથી થઇ શકતો.' એમણે હઠપૂર્વક જાહેર કર્યું' 'આવતી કાલે સાંજે હું તમને મળવા આવીશ, અને આશા રાખું છું કે ત્યારે તમારો વિચાર બદલાયો છે એવું સાંભળી શકીશ.'

અમારી વાતચીતનો એવી વિચિત્ર રીતે અંત આવ્યો. એમની સુદૃઢ, સુંદર બાંધાવાળી, ભગવી કફનીવાળી આકૃતિને રસ્તા પરથી પસાર થતી હું જોઇ રહ્યો.

ઘેર પહોંચ્યા પછી મને લાગ્યું કે સંભવિત છે કે મેં નિર્ણય લેવામાં ભૂલ કરી હોય. ગુરુની ગુણવત્તા શિષ્યના દાવાથી અડધી હોય તોપણ, એમને માટે દક્ષિણનો કષ્ટકારક પ્રવાસ કરવો બરાબર હતો. પરંતુ વધારેપડતા ઉત્સાહવાળા ભક્તોથી મને કાંઇક કંટાળો આવી ગયો હતો. એમના ગુરુની એ પેટ ભરીને પ્રશંસા કરતો, તોપણ તપાસ કરતા જણાતું કે પશ્ચિમના નાજુક કસોટી ધોરણની આગળ એ દયાજનક રીતે પાછા પડે છે કે એટલી બધી લાયકાત વિનાના પુરવાર થાય છે. વધારામાં, નિદ્રા વિનાની રાતો

તથા કઠોર દિવસોએ મારા સ્નાયુઓને હોવાં જોઈએ તેના કરતાં કાંઈક વધારે બેચેન બનાવી દીધા હતા. એટલે મારો પ્રવાસ અસાર અથવા નિરર્થક કરવાની સંભાવના મારી આજુબાજુ જરૂર કરતાં વધુ પ્રમાણમાં ભમ્યા કરતી.

છતાં દલીલ લાગણીનું સ્થાન ન લઈ શકી. એ અવનવી વૃત્તિ મને ચેતવણી આપવા લાગી કે પોતાના ગુરુની વિશેષ યોગ્યતાનો દાવો યોગીએ આટલા બધા આગ્રહપૂર્વક કર્યો તેની પાછળ કોઈક સાચી ભૂમિકા જરૂર હોવી જોઈએ. મારી હતાશાની વૃત્તિને હું પૂરેપૂરી દૂર તો ન જ કરી શક્યો.

* * *

ચા અને બિસ્કીટના નાસ્તાનો વખત થયો ત્યારે, નોકરે કોઈ મળવા આવ્યું છે એવી સૂચના આપી. એ કલમબાજોની જમાતના એક સભ્ય, લેખક વેંકટરામાની હતા.

ઓળખાણના થોડાક કાગળો મારી પેટીને તળિયે મેં નાંખેલા ત્યાં ને ત્યાં જ પડી રહેલા. એમનો ઉપયોગ મારે નહોતો કરવો. એનું કારણ, દેવતાઓ સારું કે નરસું જે કંઈ કરે તે વધાવી લેવા-ની મારી તરંગી મનોવૃત્તિ હતી. તે છતાં મારી સફરની શરૂઆતમાં મેં મુંબઈમાં એક ઓળખપત્રનો ઉપયોગ કરેલો અને બીજાનો ઉપયોગ મારે એક અંગત સંદેશો આપવાનો હોવાથી, મદ્રાસમાં કરેલો. એ રીતે એ બીજા પત્રને લીધે વેંકટરામાની મારે ત્યાં આવી પહોંચ્યા.

મદ્રાસ યુનિવર્સિટીની સેનેટના એ સભ્ય હોવા ઉપરાંત, ઉત્તમ પ્રકારના નિબંધોના અને ગ્રામજીવનની નવલકથાઓના લેખક તરીકે એ વધારે જાણીતા હતા. અંગ્રેજી માધ્યમનો ઉપયોગ કર-નાર મદ્રાસ પ્રાંતના એ પહેલા જ હિંદુ લેખક હતા, જેમને સાહિત્યની સેવા બદલ જાહેરમાં હાથીદાંતના કોતરકામવાળી ઢાલ અર્પણ કરવામાં આવેલી. એમની લેખનશૈલી એટલી બધી ઉત્તમ અને સુંદર હતી કે ભારતમાં રવીન્દ્રનાથ ટાગોરે તથા ઇંગ્લેન્ડમાં સ્વર્ગસ્થ લોર્ડ હાલ્ડને એની પ્રશંસા કરેલી. એમનું ગદ્ય સુંદર રૂપકોથી ભરેલું હતું, પરંતુ એમની વાર્તાઓ તરછોડાયેલાં ગામડાં-ના કરુણ જીવનનો પડઘો પાડતી હતી.



એમણે ઓરડામાં પ્રવેશ કર્યો ત્યારે એમની ઊંચી પાતળી આકૃતિ પર મારી દૃષ્ટિ પડી. એમનું મસ્તક આછીપાતળી કેશ-લટોથી ઢંકાયેલું હતું, એમની હડપચી નાની હતી, અને આંખે ચશ્માં હતાં. એ એક વિચારકની, આદર્શવાદીની અથવા કવિની હતી. છતાં એમનાં શોકાંકિત પોપચાં પર દુઃખી ખેડૂતોના શોકના પડઘા પડતા રહેતા.

બંનેના સામાન્ય રસના કેટલાય મુદ્દાઓ પર અમે વિચારોની આપ લે કરી, રાજકારણની ઝીણવટભરી ચર્ચા કરી, અને અમારા માનીતા લેખકોને અનુરાગથી અંજલિ આપી, એ પછી મારી ભારતની મુલાકાતનું સાચું કારણ કહેવાની ઇચ્છા મારા મનમાં એકાએક થઈ આવી. મારા પ્રવાસનો હેતુ મેં એમને પૂરેપૂરી નિખાલસતાથી કહી બતાવ્યો. સિદ્ધિઓના પરચા બતાવી શકે એવા યોગીઓની માહિતી મેં એમની પાસે માગી જોઈ! અને એમની આગળ સ્પષ્ટ કર્યું કે ગંદકીના ઘર જેવા સાધુઓ અથવા જાદુવિદ્યાવાળા ફકીરોને મળવામાં મને કોઈ જાતનો રસ નહિ પડે.

એમણે માથું નમાવીને નકારાત્મક રીતે હલાવવા માંડયું.

'ભારતમાં હવે એવા મહાપુરુષો નથી મળતા. અમારા દેશમાં વધતા જતા જડવાદની સાથેસાથે, એક બાજુનું એનું વિશાળ

અધઃપતન અને બીજી બાજુ ભૌતિકવાદી પશ્ચિમી સભ્યતાના પ્રભાવને લીધે, તમે જેવા મહાપુરુષોને શોધો છો તેવા મહાપુરુષો-નો એકદમ લોપ થયો છે. એ છતાં મારી દૃઢ માન્યતા છે કે એમનામાંના કેટલાક એકાંત અરણ્યોમાં આજે પણ નિવૃત્તિમય જીવન જીવતા હશે. પરંતુ એમની શોધમાં આખી જિંદગી ન ગાળો ત્યાં સુધી તમને એમનું દર્શન સહેલાઈથી ભાગ્યે જ થઈ શકે. ભારતવાસીઓમાંના કોઈક એવી શોધ કરવા માટે નીકળે છે ત્યારે એમને દૂર પ્રદેશોમાં ફરવું પડે છે. તો પછી એક અંગ્રેજને માટે એ કામ કેટલું બધું અઘરું હશે તેની કલ્પના તમે સહેલાઈથી કરી શકશો.'

'તો પછી તમને શું થોડીય આશા નથી લાગતી?' મેં પૂછ્યું.

'એ તો ન કહી શકું. તમારું નસીબ સારું પણ હોય.'

કોઈએ મને આકસ્મિક પ્રશ્ન પૂછવા પ્રેરિત કર્યો :

'ઉત્તર આર્કોટની પર્વતમાળામાં રહેતા સંતપુરુષ વિશે તમે સાંભળ્યું છે?'

એમણે માથું હલાવ્યું.

અમારી વાતચીત પાછી સાહિત્યવિષયક મુદ્દાઓને વીંટી વળી.

મેં એમની સામે સિગારેટ ધરી, પરંતુ ધૂમ્રપાન ન કરતા હોવાથી એમણે એ ન લીધી. મેં મારે માટે સિગારેટ સળગાવી અને એ ટર્કીશ બનાવટના સરસ ધુમાડાનો મેં સ્વાદ લેવા માંડયો ત્યારે વેંકટરામાનીએ ઝડપથી અદૃશ્ય થતી જતી હિંદુ સભ્યતાના આદર્શોની મુક્ત કંઠે પ્રશંસા કરતાં પોતાના હૃદયને વહેતું કરવા માંડયું : જીવનની સાદાઈ, સમાજસેવા, શાંતિમય જીવન અને આધ્યાત્મિક આદર્શો વિશે એમણે વિચારો વ્યક્ત કર્યાં. હિંદુ



સમાજમાં વધતી જતી કેટલીક મૂર્ખતાપૂર્ણ માન્યતાઓનો અંત આણવાની એમની ઈચ્છા હતી. ભારતનાં પાંચ લાખ ગામડાંને ઔદ્યોગિક શહેરોના ગંદા ગીચ વિસ્તારોનાં ભરતી કેન્દ્રો બનતાં અટકાવવાનું મહાન સ્વપ્નું એમના મનમાં રમી રહ્યું હતું. જો કે એ ધમકી એટલી બધી તાકીદની નહોતી, છતાં એમની આર્ષદૃષ્ટિ તથા પશ્ચિમના ઔદ્યોગિક ઈતિહાસની સ્મૃતિને લીધે એને એ વર્તમાન ઘટના પ્રવાહોના નિશ્ચિત પરિણામરૂપ સમજતા. વેંકટ-રામાનીએ જણાવ્યું કે દક્ષિણ ભારતનાં પ્રાચીન ગામડાંઓમાંના એક સંપન્ન કુટુંબમાં એ જન્મ્યા હતા, અને ગ્રામજીવનમાં જે સાંસ્કૃતિક વિનાશ તથા કારમી કંગાલિયત ફરી વળી છે તેનું એમને ભારે દુઃખ છે. ગામડાની સાદી પ્રજાની ઉન્નતિ માટેની યોજનાઓમાં એમને રસ હતો, અને એ પ્રજા જ્યાં સુધી દુઃખી હોય ત્યાં સુધી સુખી થવાનું એમને પસંદ નહોતું પડતું.

એમનું દૃષ્ટિબિંદુ સમજવાની કોશિશ કરવાના ઉદ્દેશથી હું એમને શાંતિપૂર્વક સાંભળી રહ્યો. છેવટે એ ઊભા થયા અને એમની ઊંચી, પાતળી આકૃતિ રસ્તા પર અદૃશ્ય થઈ તે હું જોઈ રહ્યો.

---

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્કસ**

ગ્રીલ, દરવાજા, તેમજ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ

તેમજ

દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત-૩૯૫૦૦૭

ફોન : ૬૬૮૨૩૧

# કલ્કિ અવતાર

**પ્રાગજી ડોસા**

તેની રસમય કથા છે. સત્ય, ત્રેતા, દ્વાપર અને પછી કલિયુગ પ્રવેશે છે. ૭૧ વખત આ ચારે યુગ વ્યતિત થઈ જતાં એક મન્વંતર પૂરો થાય છે. આવા ૧૪ મન્વંતર પસાર થતાં એક કલ્પ કહેવાય છે. આવા ૧૪ કલ્પ પૂરા થાય તે બ્રહ્માજીનો એક દિવસ ગણાય છે. બ્રહ્માજીનું આયુષ્ય સો વર્ષનું છે. આવા ૫૦ વર્ષ વીતી ગયા છે અને હાલમાં ૫૧ મું વર્ષ ચાલે છે.

વર્તમાન શ્વેતવારાહ કલ્પનું સાતમું વૈવસ્ત મન્વંતર ચાલી રહ્યું છે તે ૭૧ ચતુર્યુગોમાંનો ૨૬ મો ચતુર્યુગ છે. કલિયુગ ૪ લાખ ૩૨૦૦૦ વર્ષનો છે. આજ સુધીમાં તેના ૫૦૮૯ વર્ષ વ્યતિત થઈ ચૂક્યા છે. કલિયુગના ચાર ચરણ છે. હજી ત્રણ ચરણ શેષ છે. તેના અન્તમાં જ્યારે અધર્મ એની ચરમ સીમાએ પહોંચશે ત્યારે કલ્કિ ભગવાન અવતાર લેશે. ભગવાન શ્રીકૃષ્ણે ગીતાજીમાં કહ્યું છે.

પરિત્રાણાય સાધુનાં, વિનાશાય ચ દુષ્કૃતાં,
ધર્મ સંસ્થાપનાર્થાય સંભવામિ યુગે યુગે.

પછી ફરી સત્યુગનો પ્રારંભ થશે. એ સમયની પૃથ્વી કેવી હશે, શહેર અને ગામડાં કેવા હશે અને મનુષ્યોનું એકબીજા પ્રત્યે વલણ કેવું હશે તેની કલ્પના જ કરવી રહી.

ઋગ્વેદ ૧૦ મા મંડલના पुरुषसूक्तनो ૯૦ મો સુક્ત ઉલ્લેખ કરે છે.

ॐ सहस्त्रशीर्षा पुरुषः सहस्त्राक्षः सहस्त्रपात्।



આદિ પુરુષ પરમાત્માનાં અસંખ્ય શિર, અસંખ્ય નેત્રો, અસંખ્ય ચરણો છે. અને પાંચમા શ્લોકમાં લખાયું છે.

तस्माद् विराडजायत विराजो अधि पुरुषः।
स जातो अत्यरिच्यत पश्चाद् भूमिमथो पुरः॥

તે આદિ પુરુષમાંથી વિરાટ બ્રહ્માંડદેહની ઉત્પત્તિ થઈ. એમાં ચેતનપુરુષ ઉત્પન્ન થયો અને તેણે દેવ, મનુષ્ય, પશુ, પક્ષી આદિમાં વ્યક્તિભાવ ધરવાનો સંકલ્પ કર્યો અને પૃથ્વીનું નિર્માણ કર્યું.

આ પૂર્વના કલિયુગની સમાપ્તિની કથા આ પ્રમાણે છે. વર્ણાશ્રમ ધર્મ નષ્ટ થઈ ગયો અને સર્વત્ર પાપાચાર ફેલાયો ત્યારે દેવો ભગવાન વિષ્ણુ પાસે ગયા અને આનો અન્ત લાવવા પ્રાર્થના કરી. ભગવાન વિષ્ણુએ એમને આશ્વાસન આપ્યું કે સમ્ભલ ગામમાં એક બ્રાહ્મણને ત્યાં તેઓ અવતાર લેશે. કલિને ખતમ કરી સત્યુગનાં મંડાણ કરશે.

તે પ્રમાણે વિષ્ણુયશા બ્રાહ્મણની પત્ની સુમતિના ગર્ભમાં પ્રવેશ કરી વૈશાખ સુદ ૧૨ ને દિવસે વિષ્ણુ ભગવાને અવતાર લીધો. તે સમયે સર્વત્ર પ્રફુલ્લતાનું વાતાવરણ છવાયું. વૃક્ષો નવપલ્લવિત થયાં, સુગંધી વાયુ વાવા લાગ્યો. પાપ એટલે કલ્કનો વિનાશ કરવા તેઓ પધાર્યા છે એટલે ઋષિમુનિઓએ એમનું નામ કલ્કિ પાડયું. પહેલાં ચતુર્ભુજ શરીર હતું પરંતુ ઋષિઓએ પ્રાર્થના કરી એટલે દ્વિભુજ થયા.

કિશોર વય થતાં કલ્કિને યજ્ઞોપવીત, વેદપૂજન, યજ્ઞસૂત્રધારણ આદિ દસવિધ સંસ્કારોથી સંપન્ન કરવામાં આવ્યા અને તે પછી તેમને મહેન્દ્રાચલ પર્વત પર ભગવાન પરશુરામના ગુરુકુલમાં શાસ્ત્ર અધ્યયન માટે મૂકવામાં આવ્યા. ત્યાં તેઓ સાઙ્ગવેદ,

સમસ્ત ધનુર્વેદ, ૧૮ પ્રકારની વિદ્યા, ૬૪ કલાઓ શીખ્યા. પરશુરામજી સ્વયં વિષ્ણુના એક અવતાર મનાય છે અને તેઓશ્રીએ કલ્કિને પણ કહ્યું.

"તમે વિષ્ણુના અંશાવતાર છો અને પૃથ્વી પર જે જે નાસ્તિકો, મલેચ્છો છે તેઓ તથા સાથે સાથે કલિયુગનો નિગ્રહ કરવાનો છે. તે માટે જ મેં તમને ધનુર્વેદમાં પારંગત કર્યા છે."

શિક્ષણ પ્રાપ્ત કર્યા પછી કલ્કિએ બિલ્વોદકેશ્વર મહાદેવની પૂજા કરી ત્યારે મહાદેવજીએ દર્શન દીધાં અને કલ્કિને એક અશ્વ, એક રત્નજડીત તલવાર અને એક પોપટ આપ્યો. મહાદેવજી સાથે પાર્વતીજી પણ હતાં. તેઓ બંનેએ કલ્કિને આશીર્વાદ આપ્યા. કલ્કિએ એમને તથા ગુરુવર્ય પરશુરામજીને વંદન કરી અશ્વ પર સવાર થઇ, રત્નજડીત તલવાર ચમકાવતા માતાપિતાના ઘરે જવા સમ્ભલ ગામ તરફ ચાલ્યા. ગામના નરનારીઓએ તો તેમને કિશોર વયમાં જોયા હતા. હવે યૌવનની પાંખો ફૂટવા માંડી હતી. લોકોને લાગ્યું કોઇ દેવાંશી વિભૂતિ પૃથ્વી પર ઊતરી છે. જેઓ સજ્જન હતા તેમને લાગ્યું આપણા ઉદ્ધારક આવી પહોંચ્યા છે. પાપીઓને લાગ્યું આ તલવાર આપણા માથાં વાઢી નાંખશે માટે ચેતીને ચાલવું પડશે.

કલ્કિ માતાપિતા પાસે પહોંચ્યા. વંદન કરી ગુરુ આશ્રમે જે વિદ્યા પ્રાપ્ત કરી હતી તેનું બયાન કર્યું. પોતાનો પુત્ર વિદ્યાવિનય સંપન્ન થઇ ઘેર આવે એ જોઇ કયા માબાપનું હૈયું આનંદથી ભરાઇ ન જાય!

માહિષ્મતી નરેશ, પરમ વૈષ્ણવ રાજા વિશાખયુપને આ સમાચાર મળતાં પોતાના સ્વજનો સહિત કલ્કિના દર્શને આવ્યા. કલ્કિએ એમને પૃથ્વીની ઉત્પત્તિ, સ્થિતિ અને વિસ્તાર, બ્રાહ્મણોની વિદ્યાનું માહાત્મ્ય અને કલિયુગના પ્રભાવની વાત કરી. એ વાતોથી સંતુષ્ટ થઇ રાજા પાછા ફર્યા.



સિંહલદ્વીપના રાજા બૃહદ્રથની સર્વગુણ સંપન્ન પુત્રી પદ્મા(જે લક્ષ્મીનો અવતાર હતી)નો સ્વયંવર યોજાવાનો હતો. ત્યારે કલ્કિના શિવદત્ત નામના પોપટે કલ્કિને પદ્માના રૂપ, ગુણની વાત કરી અને ઊડીને પદ્મા પાસે જઇ કલ્કિ એ ભગવાન વિષ્ણુનો જ અંશાવતાર છે તેની વાત કરી. એટલે બંને એકબીજા પ્રત્યે આકર્ષાયાં અને કલ્કિ પણ સ્વયંવરમાં ગયા. એમની સાથે એમનો પોપટ પણ હતો. એટલે પદ્મા સમજી ગઇ આ જ કલ્કિ છે અને વરમાળા એમના ગળામાં જ પહેરાવી. એમને જય વિજય નામે બે પુત્રો થયા.

વિષ્ણુયશાએ અશ્વમેધ યજ્ઞ કરવાનો નિર્ણય લીધો અને યજ્ઞનો અશ્વ લઇ કલ્કિ દિગ્વિજય કરવા નીકળ્યા. નાસ્તિકો, મલેચ્છો અને કલિની વિશાલ સેનાનો સંહાર કર્યો કારણ ધર્મકાર્ય થાય તેનો તેઓ સદા વિરોધ કરતા. ત્યાંથી કલ્કિ હરિદ્વારમાં વસિષ્ઠ, ગાલવ, અત્રિ આદિ મહર્ષિઓને મળી ધર્મચર્ચા કરી. એ વખતે ત્યાં સૂર્યવંશી રાજા મરુ તથા ચન્દ્રવંશી રાજા દેવાપિ પણ ઉપસ્થિત હતા. તેમણે કલ્કિની પૂજા કરી ત્યાં સમાચાર મળ્યા કે કલિ ફરીથી નવી સેના ઊભી કરી કલ્કિને મારવા માટે આવે છે. મરુ તથા દેવાપિ રાજાઓ પણ પોતાના સૈન્ય સાથે કલ્કિને સહાય કરવા આવ્યા અને કલિની સેનાનો પરાજય થયો ત્યારે કલ્કિએ બંનેને વચન આપ્યું કે સત્યુગની સ્થાપના થતાં તેઓ બંનેને સત્યુગના પ્રથમ રાજવીઓ તરીકેનું માન મળશે.

ભલ્લાટનો રાજા શશિધ્વજ પરમ વૈષ્ણવ અને યોગી સમાન હતો. કલ્કિ બીજા પ્રદેશોને જીતી પોતાને ત્યાં લડવા આવે છે એ

જાણતાં એણે સૈન્યને તૈયાર રહેવા કહ્યું પરંતુ એની પત્ની સુશાન્તાએ એને ના પાડી. ભગવાન વિષ્ણુના અંશાવતારને કોઇ જીતી શક્યું નથી. તમે પણ એમને શરણે જાઓ. શશિધ્વજે કહ્યું ભગવાન સાથે યુદ્ધ કરતાં મૃત્યુ આવશે તો મારે માટે મોક્ષના દ્વાર બનશે.

યુદ્ધ કરતી વખતે શશિધ્વજને કલ્કિનું એક એવું તીક્ષ્ણ બાણ વાગ્યું કે તે બેભાન બની ધરતી પર ઢળી પડયો. એનું સૈન્ય ભાગી ગયું. કલ્કિ શશિધ્વજને ઊંચકી એની પત્ની સુશાન્તા પાસે લઇ ગયા. સુશાન્તાએ વેદમંત્રોથી સ્તુતિ કરી. પ્રભુ પ્રસન્ન થયા. શશિધ્વજ મૂર્છામાંથી જાગ્યા અને પોતાની પુત્રી રમા પ્રભુ સાથે પરણાવી. રમા સાથે કલ્કિ ઘેર પાછા ફર્યા. એમના દિગ્વિજયથી માતાપિતા પ્રસન્ન થયા અને અશ્વમેધયજ્ઞ પૂર્ણ કર્યો. ત્યારબાદ કલ્કિ ભગવાને પણ વાજપેય, અશ્વમેધ અને રાજસૂય યજ્ઞો કર્યાં. જે અનુષ્ઠાનમાં ભગવાન પરશુરામ, કૃપાચાર્ય, વ્યાસ આદિ ઉપસ્થિત રહ્યા હતા. નારદમુનિ પણ પધાર્યા અને તેઓશ્રીએ 'ભક્તિસૂત્ર'નું માહાત્મ્ય સમજાવ્યું. વિષ્ણુયશાને સન્યસ્ત દીક્ષા આપી અને તેઓ તપ કરવા બદ્રિકાશ્રમ ચાલ્યા ગયા અને ત્યાં જ પરમ પદને પામ્યા. એમની પત્ની યતિ સાથે ચિતા પર ચડી સતી થઇ.

કલ્કિ રાજ્ય કાર્ય કરવા લાગ્યા ત્યારે પરશુરામજી પધાર્યાં અને કલ્કિને "રૂક્‌મણિવ્રત" રમા કરે તેની સમજણ આપી. એ વ્રત કર્યા પછી રમાએ મેધનાહ અને બલાહક પુત્રોને જન્મ આપ્યો. ત્યારે બ્રહ્મર્ષિઓ કલ્કિ પાસે આવ્યા અને કહ્યું.

"આપે કલિનો વિનાશ કર્યો છે. આપનું અવતારકાર્ય પૂર્ણ થયું છે હવે આપ પુનઃ વૈકુંઠમાં પધારો."



કલ્કિએ પોતાના ચારે પુત્રોને રાજ્યના ચાર ભાગ કરી દરેકને રાજ્ય સોંપ્યું અને પોતે વૈકુંઠમાં પધાર્યાં. એટલે પદ્મા અને રમા પણ પતિ સાથે ગઇ.

પૃથ્વી પર સત્યુગનાં મંડાણ થઇ ચૂક્યાં હતાં.

## * ખાસ સૂચના *

અધ્યાત્મનો માર્ચ અને એપ્રિલ, ૧૯૯૭ નો અંક ભેગા કાઢવા વિચાર્યું છે. આ અંક માર્ચ ૯૭ માં જ પ્રસિદ્ધ થશે તેનું કદ મોટું હશે અને તેમાં ઘણા રંગીન ફોટાઓ પણ હશે.

આ અંકમાં પૂ. માની અમેરિકાના ઓઝાના ખાતેની શિબિરને મહદ્ અંશે આવરી લેવામાં આવી છે. તેની છૂટક કિંમત રૂા. ૧૦/– થશે, પરંતુ અધ્યાત્મના ગ્રાહકોને તે માટે કોઇ અલગ પૈસા આપવાના રહેશે નહિ.

એથી ગ્રાહકોને સૂચના છે કે એપ્રિલના અંકની ઉઘરાણી કરતા પત્રો ના લખે, તેમ જ જેઓ એપ્રિલ, ૯૭ માં ગ્રાહક બનશે તેમનું લવાજમ માર્ચ, ૯૭ થી જ ગણવામાં આવશે.

આ સંયુક્ત અંકનું મેટર તૈયાર કરવામાં પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીએ ખાસ મહેનત ઊઠાવી છે, તે બદલ તેઓશ્રીનો અંતઃ- કરણપૂર્વક આભાર માનવામાં આવે છે.

— તંત્રી

## * યાચના *

મને તમારા મન–મંદિરના
કો'ક ખૂણામાં વસવા દો,
વિડંબના જીવનભર વેઠી
શેષ જીવનમાં હસવા દો. મને તમારા૦

સ્વપ્નોનો સુરમો આંજીને,
છોગાં મેલી ફરતો'તો,
ગગનગલી શું ભમતી દૃષ્ટિ,
પાય ન ધરણી ધરતો'તો;
કઠોર ધરતી વાસ્તવ કેરી,
સ્વાનુભવથી કસવા દો. મને તમારા૦

ભાવ ન પામે પ્રતિભાવ ત્યાં
વિસંવાદની રામકહાણી!
ભરદરિયામાં નાવ ઝૂકાવી,
અંતરિયાળે જાણી કાણી!
નાવમેં નદિયાં મર ડૂબે અવ,
તટ પર તરીને ધસવા દો. મને તમારા૦

પ્રેમ–ભક્તિ મારે મન મોટી,
અહંકારનો અર્ઘ્ય તમારે;
આત્મ–રતિ–સર–મગ્ન તમે, હું
ભાવના–ભિક્ષુક તારે દ્વારે;
સ્વપ્ન સમર્પણનું રોળાયું,
અસલ રસાયણે રસવા દો. મને તમારા૦



વિડંબના જીવનભર વેઠી,
શેષ જીવનમાં હસવા દો,
મને તમારા મન–મંદિરના,
કો'ક ખૂણે તો વસવા દો. મને તમારા૦

— ડૉ. રણજિત પટેલ (અનામી)

**સુવાક્ય**

ધીરજની પરીક્ષા આપત્તિમાં થાય છે, સંપત્તિમાં થતી નથી. વિપત્તિમાં અડગ ધૈર્ય રાખવાથી જ પરિણામે તે વિપત્તિ સંપત્તિનું રૂપ પકડે છે. શ્રીમન્નાથભગવાન્

ઓ. : ૨૨૩૫૯૮ ફે. : ૩૬૨૪૩૭
૨૩૪૦૧૬ ઘ. : ૪૪૧૪૩૧

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
–: બનાવનાર :–

**કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ**

ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૨

## * પ્રાર્થનાગીત *

શું શું યાદ કરું ભગવાન,
તારી સૃષ્ટિનો શણગાર?
ચંદ્ર સૂરજ ને તારકમાળ,
જેથી ઉજ્જ્વળ વિભુદરબાર,
પહાડ ઊંચા હિમાલય હાર,
જેથી ઉન્નત સરજનહાર.
—એ હું યાદ કરું ભગવાન,
તારી સૃષ્ટિનો શણગાર:
તુજને વંદન અપરંપાર. શું શું૦

સરોવર સાગર ઝરણાહાર,
જેથી નિર્મળ પ્રભુકિરતાર,
પશું હરણાં સિંહ અપરંપાર,
જેથી ભવ્ય પ્રભુ શણગાર.
—એ હું યાદ કરું ભગવાન,
તારી સૃષ્ટિનો શણગાર:
તુજને વંદન અપરંપાર. શું શું૦

મેના કોકિલ ગીત અપાર,
જેથી મધુર વિભુવરરાય,
સુંદર ફૂલડાંફૂલની હાર,
જેથી સુંદર જગસરદાર:
—એ હું યાદ કરું ભગવાન,
તારી સૃષ્ટિનો શણગાર:
તુજને વંદન અપરંપાર. શું શું૦

ડો. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્)



## * પ્રેમ વિના પ્રભુજી મળે નહીં *

પ્રેમ વિના પ્રભુજી મળે નહીં.
કોટી ઉપાય કરે માનવી ભલે દર્શનને કાજ,
રાગ વિના રામજી મળે નહીં જગજીવન જગરાજ.
પ્રેમ વિના પ્રભુજી મળે નહીં.
આસન સાધે, પ્રાણ રોકતાં ભલે ભૂમિમાં દટાય,
વજ્રોલી ખેચરી કર્યા કરે, ભલે જળપરથી જાય.
પ્રેમ વિના પ્રભુજી મળે નહીં.
આકાશમાં ભલે ઊડતાં કરે વાયુનો આહાર,
અષ્ટ સિદ્ધિના પતિ ભલે બને જીતી જાય છોને કાય.
પ્રેમ વિના પ્રભુજી મળે નહીં.
જ્ઞાનના ગુમાનમાં ભમી રહ્યા તેનું પૂજન છો થાય,
ધન ને યશમાં ભલે રમી રહ્યા, એવા આવે ને જાય.
પ્રેમ વિના પ્રભુજી મળે નહીં.
તીરથવ્રત યજ્ઞ કરે કૈં જનો, વેશ ધરતા અપાર,
તપસીવૈરાગી બની બેસતા, એવા પામ્યા ના પાર.
પ્રેમ વિના પ્રભુજી મળે નહીં.
લગની લાગી પ્રભુ પેખવા જેના અંતરની માંહ્ય,
પ્રાણ છે તપેલ જેનો તાપથી તેને મળી જાય છાંય.
પ્રેમ વિના પ્રભુજી મળે નહીં.
પૂરણ એક પ્રેમયોગ છે, યોગ બીજા અસાર,
ભગવાન એક ભાવથી મળે, વાત થાય ને રસાળ.
પ્રેમ વિના પ્રભુજી મળે નહીં.

યોગેશ્વરજી

# મનુષ્યજીવન અને અધ્યાત્મ

મહેન્દ્ર જ. દવે

પરમ નિયંતા પ્રભુએ આપણને મનુષ્યદેહ આપીને પશુજીવન-થી અલગ બનાવ્યા છે. દુર્લભ મનુષ્ય અવતાર આપીને મનરૂપી વિચારશક્તિ બક્ષી છે. અને આજ કારણે આપણી જીંદગી અન્ય જીવો કરતાં વિલક્ષણ છે. શાસ્ત્ર અનુસાર પ્રાણીને માણસનું ખોળીયું કેટલાય જન્મ વીતાવ્યા પછી પ્રાપ્ત થાય છે.

તો પછી મનુષ્યજન્મ સાર્થક કરવા માટે મનની જે અદ્‌ભુત શક્તિ છે એનો વિકાસ કરવો એ માણસની ફરજ થઇ પડે છે. આત્મા તો દરેક જીવમાં છે એટલે શ્વાસ છે ત્યાં સુધી સૌ પ્રાણીઓ જીવે છે એમ માની શકાય. શરીર તો નાશવંત છે અને આત્મા જ્યારે દેહ છોડી દે છે ત્યારે શરીર શાંત થઇ જતાં આત્મા તેની મર્યાદાઓમાંથી મુક્ત થાય છે.

શરીર અને મનની રચના પ્રભુએ અનોખી રીતે કરી છે. વિજ્ઞાનની આટલી શોધખોળો થયા પછી પણ એની ખૂબીઓને ઓળખવામાં અને નાથવામાં વિજ્ઞાનીઓ હજુ સફળ થયા નથી. માનવજીવનને આદર્શ બનાવવા માટે પુરુષાર્થ થતો રહે છે. જીવનનું શું ધ્યેય હોઇ શકે એના પર અનેક ચર્ચાઓ થતી રહે છે.

વિશાળ માનવ સમુદાય અને વિવિધ ધર્મના નેજા હેઠળ મનુષ્ય અટવાતો રહે છે. માનવધર્મ એટલે કે માણસને પરમેશ્વરે મન આપ્યું છે અને શરીરની ફરજો બજાવતાં જાગ્રત મન પણ એની આવશ્યક જવાબદારી નિભાવે એ અર્થમાં મનુષ્ય ધર્મ શ્રેષ્ઠ



છે. મનની પ્રવૃત્તિના કારણે વિચાર કરવાની શક્તિના પ્રભાવે મન શરીરથી જુદું પડે છે. આના લીધે જ માનવશક્તિનો આવિર્ભાવ થાય છે. એનું ઉર્ધ્વીકરણ એ જ જીવનનો ઉદ્દેશ હોઇ શકે. એ દિશામાં આગળ વધવા નમ્ર પ્રયત્ન થવો જોઇએ.

મન હોય તો માળવે જવાય એ જુગજૂની કહેવત અનુસાર મનનો વિકાસ શરીર પછી આવે છે. **શરીરમાદ્યં ખલુ ધર્મ સાધનમ્**'–શરીરની તંદુરસ્તી હાંસલ કરીને મનને કઇ દિશામાં વાળવું તે માનવપર આધાર રાખે છે. મનુષ્યની જીવનની પ્રવૃત્તિ એ અગત્યની વસ્તુ છે. એને કેવો રંગ આપવો એ જ માણસના હાથમાં છે. મનુષ્ય પ્રયત્ન–ઈશ્વર કૃપા આપોઆપ આવી મળે છે.

જીવનની વિદ્યા મેળવીને માનવે પછી અધ્યાત્મ વિદ્યા શીખીને એ માર્ગ પર આગળ વધવું જોઇએ. એનો અર્થ એ જ કે ધર્મને જીવનમાં ઉતારવો જોઇએ. આજકાલ બાહ્યજીવન જ દેખાય છે. સ્વધર્મનું આચરણ જીવનના દરેક ક્ષેત્રમાં થવું જોઇએ તો જ મનુષ્ય જાતિ પૂર્ણતાના આરે પહોંચી શકે. ઋષિઓએ પ્રબોધેલ જીવનધર્મ આચારમાં મૂકવા માટે જ હતો. આપણા જીવનનો આદર્શ પણ એ જ હતો, પરંતુ આપણે ખોવાઇ ગયા છીએ.

શ્રીકૃષ્ણે ગીતામાં 'અધ્યાત્મ' વિદ્યાને સર્વશ્રેષ્ઠ કહી છે. હાલમાં એનું શિક્ષણ વેરવિખેર થયેલું છે. કેટલીક સંસ્થાઓ અને માન્ય સંતો એ દિશામાં પ્રયત્ન કરી રહ્યા છે. ખરું પૂછો તો પાયાના શિક્ષણમાંથી જ એની શરૂઆત થવી જોઇએ અને સાતત્ય જાળવીને એને પૂરું કરવું જોઇએ. સંપૂર્ણ માનવ થવામાં એનું મહત્ત્વ વિશેષ છે. આપણું જીવન ધ્યેય તો એ જ છે ને! શ્રી

અરવિંદની 'અતિ મનસ'ની ચીંધેલી દિશામાં ઉર્ધ્વગમન કરવા માટે 'શિક્ષણ' પથદર્શક છે.

જાગૃત નાગરિકોએ આ માર્ગમાં સક્રીય બનીને પાયાના પથ્થર બનીને માનવજીવનને સાચા રસ્તે દોરી જવા પુરુષાર્થ કરવો રહ્યો. મનુષ્યજીવનનું ઉત્થાન આ જ રસ્તે થઇ શકશે એ નિર્વિવાદ છે. માટે જ અધ્યાત્મ એટલે કે ધાર્મિક જીવનનું શિક્ષણ જીંદગીના કોઇ પણ સમયે શરૂ થઇ શકે છે.

સૌજન્યથી :

**YOGA & TOTAL HEALTH CENTRE**

ડો. હિમાંશુ પાઠક,
શ્રી હેમીના પાઠક.

"નિરાંત"
૩૨, દિવાળીબાગ સોસાયટી, સૂર્યપુર સોસાયટી પાછળ,
રાંદેર રોડ, સુરત-૩૯૫૦૦૯
ફોન : (૦૨૬૧) ૬૮૫૨૮૩



એક જીવંત આધ્યાત્મિક સ્ત્રી સંત

# શ્રી ઇંદિરાદેવી

મૂળ લેખક : દિલીપકુમાર રોય
સંકલન : ઝિંઝુવાડિયા કનૈયાલાલ

### ભૂતમાત્ર સાથે એકાત્મતા

સપ્ટેમ્બર ૧૯૫૬ માં હરિકૃષ્ણ મંદિર હજી બંધાયું નહોતું. દાદા અને ઇંદિરા એક નાના મકાનમાં રહેતાં હતાં. તેઓ ઘણીવાર એક મિત્રની ગાડીમાં બહાર નીકળી પડતાં, ત્યાં રસ્તામાં એક કાફે આગળ દાદા કોફી પીવા રોકાતા.

### ઇંદિરાએ ભૂખ્યા કૂતરાની પીડા અનુભવી

એક દિવસ કોફી પીધા પછી, દાદા એમના મિત્રની સાથે આસપાસ લટાર મારતા હતા, અને ઇંદિરા ગાડીમાં એમની રાહ જોઇ રહી હતી. અચાનક તેની નજર એક કૂતરા પર પડી. કંઇક ખાવાનું મળવાની આશાએ કૂતરો કાફે તરફ જતો હતો. કૂતરો ખૂબ ભૂખ્યો જણાતો હતો, પણ કાફેના થડા પર બેઠેલા માણસે લાકડી ઉગામી એને હાંકી કાઢયો. આ જોતાં જ એકાએક ઇંદિરાને પોતાને ભૂખની ભયાનક પીડાનો અનુભવ થયો. ભૂખ જાણે એને અંદરથી ફોલી ખાતી હતી! ભૂખ આવી ભયાનક હશે તેવી એણે કદી કલ્પના પણ કરી નહોતી. તે એકદમ ગાડીમાંથી બહાર આવી, કંઇક ખાવાનું ખરીદી એણે કૂતરાને આપ્યું. કૂતરાએ ખાધું ત્યારે જ ઇંદિરાના પેટની પીડા બુઝાઇ, અને એ પહેલાં જેવી સ્વસ્થ થઇ.

## બળદને પડેલો માર ઈંદિરાના શરીર પર દેખાયો!

બીજો પ્રસંગ આવો છે. એકવાર એ બારી આગળ ઊભી હતી અને આશ્રમની સામેના ખેતરમાં એક ખેડૂતને હળ હાંકતો જોઈ રહી હતી. એકાએક એ ખેડૂતે લાઠી ઉપાડી બળદની પીઠ પર જોરથી ફટકારી. જાણે પોતાને જ કોઈએ ફટકારી હોય તેમ ઈંદિરા દુઃખથી ચીસ પાડી ઊઠી. દાદા અને બીજા આશ્રમવાસીઓએ જોયું તો ઈંદિરાની સાથળ પર ગોળ કાળું ચકામું થઈ ગયું હતું! કેટલાય દિવસ સુધી ઈંદિરાએ આ મારની વેદના સહી. આ પ્રસંગને આનુરૂપ બનાવ સંત જ્ઞાનેશ્વરના જીવનમાં પણ બનેલ. કોઈએ પાડાને મારેલ જેના સોળ તેમના શરીર પર ઊઠેલા.

## વૃક્ષવનસ્પતિનાં સુખદુઃખનો પોતાના શરીરમાં અનુભવ

ત્રીજો પ્રસંગ એક બોગનવેલિયાને લગતો છે. બે રાતા છોડવાઓની વચ્ચે એક નારંગી ફૂલનો છોડ હતો. નારંગી રંગનો રાતા રંગની સાથે મેળ ખાતો નહોતો. તેથી ઈંદિરાએ બાગ સાચવતા ગુરુભાઈને એ છોડવો કાઢી નાંખવાનું કહ્યું. તે પછી રાતે એ ધ્યાનમાં બેઠી ત્યારે એણે એક દૃશ્ય જોયું! નારંગી ફૂલોના છોડવાના બે ભાગ થઈ ગયા, અને તેમાંથી નારંગી પોશાક પહેરેલો એક નાનો છોકરો બહાર આવ્યો. તે ઈંદિરાને કહે, 'મા, મને શું કરવા મારી નાંખવાનું કહો છો! હું તો હજી બહુ નાનો છું!' સવારે ઈંદિરાએ પેલા ગુરુભાઈને કહી દીધું કે છોડવાને એમ ને એમ રહેવા દેજે! તે પછી ઈંદિરાએ પોતાની રજા વગર, ઝાડની એક ડાળી પણ કાપવાની, કે કોઈ છોડવાને ઉપાડવાની મના કરી દીધી.

એક સાંજે તે ધ્યાનમાં બેઠી હતી, ત્યારે ધ્યાનમાં એણે



કેટલાંક નાનાં બાળકોને લીલા પોશાકમાં આંબાવાડિયામાં રમતાં નાચતાં ને કિલ્લોલ કરતાં જોયાં. ઓચિંતાનું ઘાસ પર લોહી દેખાયું, અને બે નાના ભૂલકાએ ચીસ પાડી. 'મા, મા! આ લોકો અમારા હાથ કાપી નાંખે છે!' ઈંદિરા એકદમ કૂદીને નીચે દોડી, પણ જતાં જતાં એણે દાદાને પોતે જોયેલા દૃશ્યની વાત કરી. આ દૃશ્યની એના પર એટલી બધી અસર થઈ હતી કે એ ધ્રૂસકે ધ્રૂસકે રોતી હતી! બહાર આવીને એણે જોયું તો માળી આંબાની ડાળીઓ કાપતો હતો! બાગ સાચવવાની જવાબદારી જે ગુરુભાઈને સોંપી હતી તે ભાઈ માળીને સૂચના આપવાનું ભૂલી ગયા હતા!

એ લોકો આવી ભૂલ વારંવાર કરતા. ઝાડપાન પર થતા અત્યાચારથી ઈંદિરાનું કાળજું કપાઈ જતું, તે ખૂબ રડતી! આ ફૂલો તથા છોડવાઓ પોતાનાં આંદોલનો દ્વારા એની સાથે વાતો કરે છે, તથા એમનાં સુખદુઃખ ઈંદિરા પોતાના શરીરમાં અનુભવે છે એ વાત તેઓ સમજી શકતા નહિ.

ઈંદિરાને આવું કેમ થતું હતું? તેની એને ખબર નથી, પણ થતું હતું એટલી જ એને ખબર છે. પ્રભુની કૃપા સમજી એણે એનો પ્રણતભાવે સ્વીકાર કર્યો હતો. રોમરોમમાંથી એને ખાતરી થઈ ગઈ હતી કે આનો યશ મને નથી, હું તો એક ઉપકરણ માત્ર છું!

ઈંદિરા સમજતી હતી કે પોતે બીજાઓ કરતાં ઘણી બાબતમાં જુદી છે. લોકોની લાગણીઓ—ક્રોધ, ભય, લોભ, ઈર્ષ્યા—નાં આંદોલનોની એને ખબર પડતી હતી. એની ગેરહાજરીમાં કોઈ જૂઠું બોલતું હોય તો એની એને ખબર પડી જતી; છતાં બે દિવસ પછી પોતાનું શું થવાનું છે તે જાણવાની તેનામાં શક્તિ નહોતી.

**બીજાના વિચારોની આપોઆપ ખબર પડી જતી!**

બીજાના વિચારો વાંચવાની એનામાં આવેલ શક્તિની પ્રથમ શરૂઆત થઇ ત્યારે એ ખૂબ હેરાન થઇ હતી! આ અનિષ્ટ વરદાનમાંથી પોતાને મુક્તિ કરવા તેણે શ્રી અરવિંદને વિનંતી કરવા માટે દાદાને પણ કહ્યું હતું. દાદાએ એ વિષે શ્રી અરવિંદને માર્ચ ૧૯૪૯ માં લખ્યું પણ હતું, જેનો જવાબ આ પ્રમાણે આવેલો.

દિલીપ,

બીજાના વિચારો જાણી જવાની ઇંદિરાની શક્તિ જો વિચારવાચનના રૂમમાં હોત, એટલે કે બીજાઓનાં મનમાં ડોકિયું કરી અને ત્યાં શું છે તે જોવું એમ હોત તો એનો ઉપાય સહેલો હતો. જોવાનો ઇન્કાર કરવો એ એનો ઉપાય હતો. એવી રીતે જોવાનો ઇન્કાર કરવાથી એ શક્તિ નિરપયોગી બની જતાં, આપોઆપ અદૃશ્ય થઇ જાત. પરંતુ જો બીજાઓના વિચારો પોતાની મેળે તેની પાસે આવતા હોય તો એનો અર્થ એ થાય છે કે એના અંદરના મનની બારી ઊઘડી ગઇ છે, અને એમાંથી છૂટવું મુશ્કેલ છે. જો ઇંદિરા આ વણજોઇતા અતિથિઓ પ્રત્યે ઉપેક્ષા ધારણ કરે, અથવા એમને પોતાની પાછળ ધકેલી કાઢે અને એમને વિષે ફરી વિચાર સુદ્ધાં ન કરે, તો એ એક ઉપાય થયો કહેવાય. સ્વાગતના અભાવે, વખત જતાં એ વિચારો આવતા અટકી જાય એમ પણ બને. બીજાના મનના વિચારો એના મનમાં શા માટે આવે છે એ પ્રશ્ન નથી, પણ પ્રશ્ન તો છે ઇંદિરામાં એ શક્તિ જાગી ઊઠી છે તેનો. જો એ યોગ સાધનામાં ખૂબ પ્રગતિ કરે, તો આ અણગમતા અતિથિઓના પ્રવેશનાં બારણાં તો બંધ કરી શકશે, સાથે સાથે હું એમ કહું કે આ શક્તિ કેવળ ત્રાસદાયક ન થતાં એ લાભકારક પણ હોઇ શકે છે, કારણ કે ઇંદિરાએ જો પોતાના સ્વભાવ પર અંકુશ મેળવ્યો હોય તો આ



શક્તિથી તેને પોતાની આસપાસના માણસોના વિચારો અને લાગણીઓની ખબર પડશે, અને એ જ્ઞાનનો ઉપયોગ કરી ઇંદિરા એ લોકોને મદદ કરી શકશે, રાહ બતાવી શકશે, અને એમ કરી એમના ચિત્તમાં કંઇ પરિવર્તનની જરૂર હોય તો તે પણ કરી શકશે. આગળ કંઇ કહેતાં પહેલાં, તમારે આ વિષે શું વધારે કહેવાનું છે તેની હું રાહ જોઇશ.

શ્રી અરવિંદ

(સામા માણસના મનમાં ચાલતી વિચારોની ગડમથલની પૂ. મા શ્રી સર્વેશ્વરીજીને પણ ખબર પડી જાય છે એ જાત અનુભવ છે.)

ઇંદિરાએ શ્રી અરવિંદના પત્રને ઈશ્વરની કૃપા તરીકે સ્વીકારી લીધો. થોડા શબ્દોમાં એમણે ઘણું કહી નાંખ્યું હતું. એમાં ચેતવણી પણ હતી, અને સાથે સાથે આશીર્વાદ પણ હતા. તે જાણી શકી કે લોકોના વિચારો વણમાગ્યા એની પાસે આવતા હતા.

એક રીતે આ વરદાન એને મદદરૂપ થયું હતું. તે સમજી શકી હતી કે અમુક વખતે માણસના મનમાં શા વિચારો છે એ જાણીને એના પરથી એને વિષે નિર્ણય બાંધવો એ બરોબર નથી. સારામાં સારા માણસોના મગજમાં પણ કોઇવાર ખરાબ વિચારો આવી જાય છે અને જેઓ સાવ નાલાયક છે તેવાઓના મગજમાંયે કોઇ વાર ઉદાત્ત વિચારો આવે છે. તેને એ પણ ખ્યાલ આવ્યો કે ઘણીવાર જે વિચારોને આપણે આપણા પોતાના માની લઇએ છીએ તે ખરેખર તો વાતાવરણમાં તરતા હોય છે, અને તે સ્વીકારવા કે તેને પાછા કાઢવા એ આપણા પોતાના હાથની વાત હોય છે.

એકવાર તેને આ વિષે બહુ તીવ્ર અનુભવ થયો. કેટલાક મિત્રો સાથે એ પૂણેમાં ગુરુદેવના મંદિરમાં ધ્યાન માટે બેઠી હતી.

ત્યાં તેણે સાવ સ્પષ્ટ જોયું. ત્યાં બેઠેલા ઘણાનાં મન ખૂબ તંગ હતાં. તેઓ પોતાનાં મનને શાંત કરવાનો એવો ભગીરથ પ્રયાસ કરતા હતા કે એનાથી તેમના વિચારોનું જોર ઊલટું વધતું જતું હતું. ત્યાં બેઠેલાઓમાંનો એક પણ માણસ સંપૂર્ણપણે સ્વસ્થ નહોતો અને સ્વસ્થતા એ તો ધ્યાનની પહેલી શરત છે!

અચાનક ઇંદિરાએ એક સંસારસુખના વિચારને બહારથી તરતો આવતો જોયો. તે એક માણસને સ્પર્શ્યો અને તેણે તેનો સ્વીકાર કર્યો. એ માણસ ચંચળ બની ગયો. પરંતુ એ વિચારે એના મનમાં ઈર્ષ્યાનું રૂપ લઇ લીધું. એ માણસે એ વિચાર રમાડયો, અને થોડા વખતમાં એનું પરિણામ એ આવ્યું કે 'ગુરુ, જગત અને ઈશ્વરની સામે બબડાટ અને ક્રોધના તરંગો પર ચડી એ ક્યાંનો ક્યાં ખેંચાઇ ગયો!

એ વિચારે બીજા પણ બે માણસોને સ્પર્શ કર્યો, પરંતુ એ માણસોએ એને કાંઇ દાદ આપી નહિ, એટલે એમના બારણેથી તરત પાછો ફરી ગયો. બીજા એક માણસે એ વિચારને પોતાનો કરીને અપનાવી લીધો, અને પછી એ પોતાના આરોગ્યની ઊંડી ચિંતામાં પડયો. આ બધું એક મિનિટથી પણ ઓછા સમયમાં બની ગયું. આ પરથી ઇંદિરાને ખાતરી થઇ ગઇ કે કોઇના વિચારો પરથી કદી પણ કોઇનો ન્યાય કરવા બેસી જવું નહિ. આ અનુભવે એને પોતાના સાથીદારો પ્રત્યે સમજદાર અને વધારે ઉદાર બનવા પ્રેરી.

### મીરાંબાઇનું અવતરણ

૧૯૪૯ ની આસપાસની વાત છે. ઇંદિરા તે વખતે મસૂરીમાં હતી, અને ચોવીસ કલાકમાંથી ચૌદ કલાક ધ્યાન કરતી હતી. એક સાંજે જ્યારે તે ધ્યાનમાંથી જાગી ત્યારે તેણે જોયું કે તેના હોઠ



કોઇ ભજનની લીટીઓ ગણગણતા હતા. એની પહેલી લીટી હતી, બડી અનોખી રીત પિયાકી, બડી અનોખી રીત!

પહેલાં તો તેને થયું કે એણે ઘણાં વર્ષો પહેલાં જોયેલા સિનેમાનું કોઇ ગીત અત્યારે એની જીભે આવી ગયું છે. ગીત સાદી હિંદી ભાષામાં હતું, જો કે ઇંદિરાની માતૃભાષા ઉર્દૂ હતી, છતાં એનો અર્થ તે સમજી શકતી હતી. આખું ભજન નીચે પ્રમાણે છેઃ—

બડી અનોખી રીત પિયાકી બડી અનોખી રીત!
બડી અનોખી રીત મિલનકી બડી અનોખી રીત!
હંસના સીખા હમને રોકે
સબ કુછ જીતા સબ કુછ ખોકે
ઉનકો પાયા ઉનકે હોકે હારમેં દેખી જીત,
હારમેં દેખી જીત પિયાકી બડી અનોખી રીત!
અપને થે વો હુએ પરાયે,
જીવનસાથી કામ ન આયે,
મનભી મનકો યૂં ભરમાયે કોઇ ન તેરા મીત,
કોઇ ન તેરા મીત, પિયાકી બડી અનોખી રીત!
લોકલાજ ભય છોડ સહેલી,
પિયા મિલનકો ચલી અકેલી,
ન કોઇ સંગી ન કોઇ બેલી, (જબ) ઉન સંગ લાગી પ્રીત,
કોઇ ન તેરા મીત સખી (જબ) ઉન સંગ લાગી પ્રીત!

ઇંદિરાએ આ ભજનને બહુ મહત્ત્વ આપ્યું નહિ, પરંતુ ગીતે તેનો પીછો છોડયો નહિ. અને ફરીફરીને એવું યાદ આવવા લાગ્યું કે એણે એ ગીત ઉતારી દાદાને મોકલી આપ્યું. દાદા તે વખતે આસામમાં હતા. ઇંદિરાએ પોતાની એક દાસી પાસે એ ગીત હિંદી

લિપિમાં ઉતરાવ્યું. કારણ કે ઇંદિરાને એ લિપિ આવડતી નહોતી. ત્યારે જ તે એ ગીતની પકડમાંથી છૂટી.

થોડા દિવસ પછી એ ધ્યાનમાંથી ઊઠી ત્યારે બીજું ગીત એના હોઠ પર હતું! આવી રીતે એક પછી એક ડઝનેક ગીતો એની પાસે આવ્યાં. આ સિવાય ન એણે કશું જોયું કે ન એણે કંઇ ગવાતું સાંભળ્યું, પણ ધ્યાનમાંથી જાગે ત્યારે આ ગીતો તેને યાદ હોય! આ પછી તે પૉંડિચેરી ગઇ અને હવે અદ્‌ભુત બનાવ બનવાની શરૂઆત થઇ.

ભજન ગાતા દાદાની બાજુમાં એક રાજસ્થાની સ્ત્રીને બેઠેલી જોઇ!

એક દિવસ સવારે દાદા પોતાના ફ્લેટમાં ગાતા હતા. એવામાં ઇંદિરાએ કોઇ રૂપવતી સ્ત્રીને ત્યાં જોઇ. તે વખતે ઇંદિરાની આંખો ઊઘાડી હતી કે બંધ તેની તેને ચોક્કસ ખબર નથી. એ સ્ત્રીએ રાજસ્થાની પોશાક પહેર્યો હતો. એનો બાંધો એકવડો હતો, ખૂબ જ આકર્ષક અને પ્રભાવક હતો. તેની આંખો તો અદ્‌ભુત કહીએ તેવી હતી. દાદાની નજીક બેસી એ તાલ આપતી હતી, અને ગીતમાં મગ્ન બની ગયેલી લાગતી હતી. ઇંદિરાને નવાઇ લાગી કે અહીં આશ્રમમાં તો બધી સ્ત્રીઓ સફેદ સાડી પહેરે છે, અને આણે કેમ તેવી નથી પહેરી? વિચાર કરતાં તેને લાગ્યું કે એ કોઇ અતિથિ હશે, અથવા દાદાની કોઇ ઓળખીતી હશે. પરંતુ ગીત પૂરું થતાં જ્યારે બધાં વિખરાયાં, અને એ સ્ત્રી પણ જવા માટે ઊઠી ત્યારે ઇંદિરાએ જોયું તો એનો પડછાયો પડતો નહોતો અને એના પગ ધરતીને અડકતા નહોતા! (એવું કહેવાય છે કે ભૂત, પ્રેતનાં પડછાયા પડતા નથી હોતા, ઉપર આપેલ પ્રસંગ ઉપરથી જણાય છે કે જેમ દિવ્ય આત્માઓના પડછાયા નહિ પડતા હોય તેમ પ્રેતયોનિનાં પડછાયા પણ નહિ પડતા હોય.)



## ધ્યાનમાં મીરાંબાઇને ગાતી જોઇ!

આમ કેટલાક દિવસો વીતી ગયા. પછી આના કરતાંયે વધારે અજબ બનાવ બન્યો. ઇંદિરા ધ્યાનમાં બેઠી હતી, ત્યાં ધ્યાનમાં એણે આ જ સ્ત્રીને જોઇ. એ ગીતા હતી, અને એવી મસ્ત બની ગાતી હતી કે આસપાસની દુનિયાનું એને કંઇ જ ભાન નહોતું. એનો કંઠ ખૂબ મધુર હતો, અને એ જે ગીત ગાતી તેની છેલ્લી લીટીમાં મીરાંનું નામ આવતું હતું. ઇંદિરાને ધ્યાનમાં મીરાંબાઇનું દર્શન થયું અને તેમણે જે વર્ણન કરેલ છે તે ઉપરથી આપણને જાણવા મળે છે કે મીરાંબાઇ એકવડા બાંધાના હતાં. તેમની આંખો અદ્‌ભુત કહી શકાય તેવી હતી. આ પહેલાં મીરાંબાઇ વિષે આવો કોઇએ પ્રકાશ પાડ્યો હોય તેવું જાણમાં નથી. અને કહી પણ કોણ શકે? કારણ કે મીરાંબાઇને થયે પાંચસો વર્ષથી પણ વધુ સમય થઇ ગયેલ છે. આવું વર્ણન તો એવી કોઇ વીરલ વિભૂતિ જ કરી શકે જેણે ધ્યાનાવસ્થામાં મીરાંબાઇનો સાક્ષાત્કાર થયો હોય, તેમની સાથે વાર્તાલાપ થયો હોય.

સવારે ઇંદિરાએ દાદાને આ દૃશ્ય જોયાની વાત કરી, એ પણ એની પેઠે મૂંઝાયા. જોયેલું એવું પાકું હતું કે એ કલ્પના હોય નહિ! આત્મ–સૂચન પણ હોવાનો સંભવ રહેતો નહોતો, કારણ કે ઇંદિરાએ કદી મીરાંબાઇ વિષે વિચાર સુદ્ધાં કર્યો નહોતો. દાદાએ ઇંદિરાને કહ્યું કે એ બાઇને પૂછ કે તું કોણ છે? ત્યારે ઇંદિરાએ કહ્યું કે, 'દાદા હું ધ્યાનમાં બેસું છું ત્યારે મારું મન નિષ્કંપ, નિસ્તરંગ સરોવરના જેવું સ્થિર થઇ જાય છે, અને તેમાં કોઇ વિચાર ઉત્પન્ન જ થતો નથી. પછી હું એને પૂછું કેવી રીતે? અને પછી તેણે કહ્યું, 'દાદા હું જાણે બેવડા વ્યક્તિત્વવાળી બની

ગઇ છું. મારો એક ભાગ હમેશાં શાંત રહે છે અને મા પોતાના બાળકને રમતો જોયા કરે, તેમ મારો બીજો ભાગ શું કરે છે તે એ સાક્ષી બની જોયા કરે છે. મારી સાક્ષી—ચેતના સમક્ષ આ બાઇ પ્રગટ થાય છે. ચેતના કેવળ તટસ્થભાવે જોયા કરે છે, નથી કંઇ પૂછતી, નથી કંઇ માગતી કે નથી કશી અપેક્ષા રાખતી! બસ, કેવળ સાક્ષી, મિત્ર, માર્ગદર્શક બની રહે છે, અને કંઇ કહેવું હોય તો હૃદયમાં ગૂપચૂપ કહી દે છે!

(ક્રમશઃ)

**સુવાક્ય**

કદી એવું ના માનો કે પરમાત્માની પ્રાપ્તિ એ અમુક માણસોનો ઇજારો છે. એવું નથી. સ્વાનુભૂતિનો મંગલ માર્ગ સહુને માટે ઊઘાડો છે. જરૂર છે તે દિશામાં પુરુષાર્થ કરવાની. યોગેશ્વરજી

* પરફેક્ટ એન્ટરપ્રાઇઝ *
મરચન્ટ, એક્સપોર્ટ્સ, ઇમ્પોર્ટર્સ
એન્ડ જનરલ A to Z સપ્લાયર્સ
૪૨, જય શ્રી ખોડિયાર કો—ઓપરેટીવ શોપિંગ સેન્ટર
રજપૂતપરા મેઇન રોડ, રાજકોટ.
ફોન નં. ઓ. : ૨૨૫૪૭૮ ઘર : ૪૫૫૫૧૪



# રામકથા

(ડીસેમ્બર ૧૯૯૬થી ચાલુ) યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

'સાગર? રામના માર્ગને સાગર નહિ રોકી શકે. પરાક્રમી કે પુરુષાર્થીને માટે સાગર પણ સાનુકૂળ બની જાય છે અને પ્રમાદીને માટે નદી પણ દુસ્તર સાગર થાય છે. રામની અસીમ શક્તિ આગળ બધો ય માર્ગ સાફ થઇ જશે, કશું જ નડતરરૂપ નહિ બને. એમના જેવા સદાચારી કે સદ્ધર્મપરાયણ પુરુષનો જ્યાં જશે ત્યાં સર્વત્ર વિજય થશે—લંકાની બહાર અને લંકામાં પણ.'

'તારા શબ્દો મને ઉત્સાહ આપે છે અને ખૂબ જ સુધામય લાગે છે, મંદોદરી! તારો સમાગમ મારે માટે શાંતિદાયક થઇ પડે છે. તેને માટે તને ધન્યવાદ આપું છું તથા તારો આભાર માનું છું. તું મારું એક બહેનની પેઠે જ ધ્યાન રાખી રહી છે. ઊર્મિલા હોત તો આવી રીતે જ ધ્યાન રાખત અને આવી જ લાગણી બતાવતી હોત. છતાં પણ એક વસ્તુને માટે તને ધન્યવાદ નથી આપી શકતી.'

'કઇ વસ્તુ?' મંદોદરી કાંઇ સમજી ન શકી.

'તારા તરફથી થઇ રહેલું અનશન.' સીતાએ કહ્યું : 'એને માટે તને ધન્યવાદ નથી આપી શકતી. મને એ નથી ગમતું. એના સમાચાર સાંભળ્યા છે ત્યારથી મારું દિલ વધારે દુઃખી છે.'

'કેમ? એમાં દુઃખી થવા જેવું છે જ શું?'

'તું મારે માટે આવી રીતે અનશન કરે કે દુઃખી થાય તે બરાબર છે?'

'મારું હૃદય તો તેને બરાબર જ માને છે. કોઇના માટે સ્નેહ કે લાગણી હોય પણ ભોગ આપવાની કે સહન કરવાની વૃત્તિ ન હોય તો શું કામની? તું ઊર્મિલાને યાદ કરે છે પણ હું પૂછું છું કે, મારી જગ્યાએ ઊર્મિલા હોય તો તારી પ્રત્યેના સ્નેહથી પ્રેરાઇને અનશન કરે કે નહિ?'

સીતા કશું બોલી નહિ એટલે મંદોદરીએ આગળ કહ્યું : 'તારા દુઃખને દેખીને બેસી રહેવાના બદલે એ દુઃખને દૂર કરવાના એક ઉપાય તરીકે, લંકાપતિનો અંતરાત્મા ભલે ન જાગ્યો પરંતુ મને મારા કર્તવ્યપાલનનો સંતોષ તો મળ્યો જ.'

સીતા બોલી : 'તારા અનશન અને તારી પ્રાર્થનાને પરિણામે જ હનુમાન અહીં આવી પહોંચ્યા હશે તો કોને ખબર છે? પરંતુ હવે તું વધારે અનશન ન કરે એવી મારી પ્રાર્થના છે. તારું મોઢું કેટલું બધું મ્લાન બની ગયું છે? મારો ઉદ્ધાર નજદીકના ભવિષ્યમાં જ થવાનો છે. એવી તને શ્રદ્ધા હોય તો હવે તારે અનશન ન કરવું જોઇએ. તારા અનશનથી મારી પીડા વધી પડી છે.'

'હનુમાનના શુભાગમનના સમાચાર સાંભળ્યા છે, એટલે હવે અનશન નહિ કરું. છતાં પણ દિનમાં એકવાર જ સાદું ભોજન કરીને તારી મુક્તિ માટે પ્રાર્થના કરતી રહીશ. મારા આત્માની શાંતિ માટે તારા પ્રત્યેની લાગણીથી પ્રેરાઇને એટલું કરું તે આવશ્યક છે. જ્યાં સુધી રામ લંકામાં આવીને તને દુઃખમાંથી મુક્તિ નહિ ધરે અને પોતાના દેવદુર્લભ દર્શનથી મારા જીવનને ધન્ય નહિ કરે ત્યાંસુધી મારો એ ક્રમ ચાલુ રહેશે.'



'મંદોદરી, આ તું શું બોલે છે?'

'સાચું જ બોલું છું. એટલું સહન કરતાં મને આનંદ થશે. તું મારું મુખ મ્લાન થયું છે, એવું કહી બતાવે છે, પરંતુ તારું મુખ પણ મ્લાન થયું છે અને શરીર સૂકાઇ ગયું છે એનો ખ્યાલ છે ખરો? હનુમાનનો મેળાપ થયો છે, એટલે ચિંતાને ઓછી કરીને હવે શરીરની થોડી સંભાળ રાખે તો સારું.

'શરીરની સંભાળ તો રાવણે આપેલી એક મહિનાની અવધિ પૂરી થતાં પહેલાં જો રામ નહિ આવે તો અગ્નિ રાખશે અને જો રામ આવી પહોંચશે તો એ રાખશે. મને શરીરની સંભાળ રાખવાનું મન જ નથી થતું. હું અત્યાર સુધી જીવી રહી છું એ જ આશ્ચર્ય છે. તારી મારે માટેની અજબ લાગણી મને હિંમત આપે છે અને મારામાં બળ પ્રેરે છે. તારો સહવાસ મારે માટે શાંતિદાયક થઇ પડે છે. એ સહવાસ ન હોત તો મારી સ્થિતિ છેક જ કફોડી બની જાત. તારા પ્રેમ અને તારી લાગણીને નહિ ભૂલી શકું—કદાપિ નહિ.'

મંદોદરીએ કહ્યું : 'હું પણ રામને માટેની તારી ઉત્કટ લાગણીને તથા એમને માટેના તારા પ્રેમને નહિ ભૂલી શકું. એને જોઇને મને તારા પ્રત્યે પ્રેમ અને આદરભાવ થયો છે. એ ચિરંજીવ જ રહેશે.'

### વિભીષણની વિદાય

લંકામાંથી વિદાય થતાં પહેલાં હનુમાને કરેલા અસાધારણ અદ્‌ભુત પરાક્રમની હકીકત સાંભળીને રાવણને ખૂબ જ આશ્ચર્ય થયું.

એ ભારે વિમાસણમાં પડી ગયો.

એની ચિંતાનો તથા એના ક્રોધનો પાર ન રહ્યો.

મંદોદરી પાસે જઈને હનુમાના ઉપદ્રવની સઘળી કથા એણે કહી સંભળાવી, એટલે મંદોદરી ચિંતાતુર બનીને બોલી : 'હજુ પણ તમારી આંખ નથી ઊઘડતી એ આશ્ચર્ય છે.'

'કેમ?'

'હનુમાને મચાવેલા ઉલ્કાપાત પરથી મને તો ભવિષ્યમાં આવી પડનારા કોઈ ભારે મોટા અમંગલની આશંકા થાય છે. જેના દૂતની શક્તિ આટલી બધી અસામાન્ય છે તે પોતે કેટલા બધા શક્તિશાળી હશે? તમે હજુ પણ સમજી જાવ તથા સીતાને છોડી દો તો સારું. આ ઉપદ્રવ સૂચવે છે કે, તમે પોતે તો મુસીબતમાં મૂકાઈ જશો, પરંતુ સાથે સાથે આખી ય લંકાને મુસીબતમાં મૂકી દેશો.'

'તને હજુ મારા પરાક્રમની ખબર નથી, એટલે એવી આશંકા રાખ્યા કરે છે. મારા પરાક્રમની માહિતી હોત તો...'

(ક્રમશઃ)

**અંબાજીમાં ક્યાં ઉતરશો?**

"સ્વર્ગારોહણ"

**માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ**

"સ્વર્ગારોહણ", દાંતા રોડ, અંબાજી. (ઉ. ગુ.) ૩૮૫૧૧૦

એસ. ટી. ડી. ૦૨૭૪૯/ ટે. નં. ૬૨૨૬૯

## * ઈશ્વરને મેળવવા સાંસારિક વિષયોથી ઉપરામતા જરૂરી *

જેમને ઈશ્વરકૃપા મેળવવાની ઈચ્છા હોય તેમને માટે ગીતાનો આ સરળ ઉપાય છે. માણસે પોતાના દિલના ઊંડાણમાં ડોકિયું કરીને ને જીવન પર વિહંગદૃષ્ટિ કરીને જાણી લેવું જોઈએ, પોતાની જાતને પૂછવું જોઈએ કે મનમાં ઈશ્વરને જ મેળવવાની લગની લાગી છે કે હજી સંસારના માયાવી પદાર્થોની તૃષ્ણા કાયમ છે? એક ઈશ્વરનો જ પ્રેમ ને ઈશ્વરની જ મોહિનીથી મન મોહાઈ ગયું છે? ઈશ્વરના જ ભાવમાં વિભોર રહેનારું મન મીરાં ને શબરી, ચૈતન્યદેવ ને રામકૃષ્ણદેવ તેમ જ વૃંદાવનની રસની કે પ્રેમની પ્રકટ પ્રતિમા એવી ગોપીઓની જેમ, ઈશ્વરને જ મેળવવા ને જોવા ઝંખી રહ્યું છે? જેવી રીતે રોગમાં રીબાતો માણસ આરોગ્યની ઈચ્છા કરે છે, ને મરણપથારીએ પડેલો માણસ જીવન ને તેનું અનુસંધાન સાધનાર પ્રાણને માટે ઝંખે છે; તેવી રીતે શું એક ઈશ્વરની જ કૃપાપ્રાપ્તિની ઝંખના દિલને લાગી ગઈ છે? ઈશ્વરના કૃપારસને કે પ્રેમામૃતને પીવા માટે મન અધીરું ને તરસ્યું બન્યું છે? ને ચાતકની જેમ સંસારના બીજા કોઈ પદાર્થથી તૃપ્ત થવાને બદલે એક ઈશ્વરને જ માટે ને પરમશાંતિપ્રદાયક ઈશ્વરની જ તરફ મીટ માંડીને બેઠું છે? હૃદયના પવિત્ર મંદિરમાં, ભાવના ને પ્રેમનાં પવિત્ર પુષ્પોની વચ્ચે, એક ઈશ્વરની જ ઈષ્ટ કે આરાધ્યમૂર્તિની સ્થાપના થઈ ગઈ છે કે?

યોગેશ્વરજી

# * મન એના માલિકને અર્પણ કરી દો *

મન તેના મૂળ સ્વામીને કે માલિકને અર્પણ કરી દેવું એ પણ મનને વશ કરવાનો એક ઉપાય છે. મનના મૂળ માલિક પરમાત્મા છે. તેનાં ચરણોમાં મનને લગાડી દો. તેના પ્રેમમાં તેને તરબોળ કરવા પ્રયાસ કરો. ભાવવિભોર બનીને પ્રભુની પૂજાના પવિત્ર ફૂલરૂપે તેને તૈયાર કરો. પ્રભુને મળવા માટે તેને સાજ સજાવો : સાત્ત્વિકતાના સુંદર શણગારથી સુશોભિત કરી દો : ને પ્રેમમાં પલાળી, ધ્યાનધારણાની પતિત-પાવની ગંગામાં પખાળી, પ્રભુને પામી લેવાના પરમ પુરુ-ષાર્થમાં તેને લગાડી દો. આથી પણ તમારી ફરિયાદ દૂર થશે. જવાબદારી માથે લઈને ફરો છો તેથી તમારું કામ મુશ્કેલ બને છે. ગાગરમાં સાગર સમાવવા જેવું તમારું કામ શક્તિ વિના નિષ્ફળ નીવડે છે. માટે તેને સફળ કરવા પ્રભુની પ્રાર્થનાનો આધાર લો. તે તમારી જવાબદારી સંભાળી લેશે : જરૂરી શક્તિ આપશે, ને તમારું કામ સરળ કરી દેશે.

આ ઉપરાંત નિષ્ફળતા પર નિષ્ફળતા મળે, માર્ગ જલદી ન જડે, કામ વિકટ બને તોપણ હિંમત ન હારો, નિરાશ ન બનો કે પ્રયત્નને ન છોડો. પ્રલોભનોમાં પડવા છતાં, જીવન-ના સંગ્રામમાં ઘા પર ઘા ઝીલવા છતાં, કાયર ન બનો. જાગ્યા ત્યાંથી સવાર માનીને ફરી આગળ ચાલો. ઈન્દ્રિયોની શક્તિ ઘણી બળવાન છે તેની ના નહિ, પણ મનની ઈચ્છા વિના ઈન્દ્રિયો કૈં જ કરી શકતી નથી એ પણ સાચું છે.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ—પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧.